# વાર્ષિક વહીવટી અહેવાલ

## સને ૨૦૧૮ – ૧૯

## અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

બ્લોક નં.૧૪, ૫ મો માળ, સરદાર ભવન,

સચિવાલય ગાંધીનગર.

# વાર્ષિક વહીવટી અહેવાલ

# સને ૨૦૧૮ – ૧૯

## અનુક્રમણિકા


| અનુ.નં. | વિષય સૂચિ | પાન. નં. |
|---|---|---|
| ૧ | વિભાગની કામગીરી | ૦૧ |
| ૨ | અન્ન, નાગરિક પુરવઠા નિયામકની કચેરી, ગાંધીનગર | ૦૨ |
| ૩ | નિયંત્રક કાનુની માપ વિજ્ઞાન અને નિયામક ગ્રાહક બાબતોની કચેરી, ગાંધીનગર | ૧૬ |
| ૪ | ગ્રાહક તકરાર નિવારણ કમિશન, અમદાવાદ | ૧૯ |
| ૫ | ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટેડ, ગાંધીનગર. | ૨૧ |
| ૬ | ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગર | ૨૮ |

# અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ

(૧) વિભાગની બધી શાખાઓમાં સેક્શન અધિકારી / નાયબ સેક્શન અધિકારીઓને જીસ્વાન કનેક્ટીવીટી પુરી પાડવામાં આવેલ છે. દરેકને અલગ કોમ્પુટર આપવામાં આવેલ છે. તે અંગે આ કાર્યવાહી વિભાગ કક્ષાએ પૂર્ણ થઇ ગયેલ છે.

(૨) વિભાગમાં સર્વે અધિકારી / નાયબ સેક્શન અધિકારીઓને એક એક કોમ્પ્યુટર જીસ્વાન કનેક્ટીવીટી સાથે આપવામાં આવેલ છે. દરેક કર્મચારી / અધિકારીઓને તે અંગેના પાસવર્ડ અને આઇ.ડી. આપવામાં આવેલ છે. તે ઉપરાંત IWDMS સોફ્ટવેરથી દરેક કોમ્પ્યુટર જીસ્વાન કનેક્ટીવીટીને કારણે સજ્જ થયેલ છે. એટલે કોમ્પ્યુટર પર કામગીરી કરવાની સરળ બની છે.

(૩) આ વિભાગની વેબસાઇટ ડેવલોપ થયા બાદથી પરિપત્ર કરીને વિભાગની બધી શાખાઓ તથા બધા અધિકારીઓને વેબસાઇટ નિયમિતપણે ચકાસતા રહેવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવેલ છે. એ મુજબ વેબસાઇટમાં જે જે ફેરફાર કરવાપાત્ર હોય તે થયા કરે તેવું વ્યવસ્થાતંત્ર ગોઠવાયેલું છે.

(૪) વિભાગના અધિકારી / કર્મચારીઓને સમયાંતરે CCC / CCC+ની તાલીમ માટે મોકલવામાં આવે છે.

(૫) વિભાગના અધિકારી / કર્મચારીઓને સમયાંતરે ભાષા નિયામકશ્રીની કચેરીના ઓપવર્ગની તાલીમ માટે મોકલવામાં આવે છે.

(૬) વિભાગના અધિકારી / કર્મચારીઓને સમયાંતરે સ્પીપા, અમદાવાદ / ગાંધીનગર ખાતે આપવામાં આવતી દરેક તાલીમમાં મોકલવામાં આવે છે.

(૭) વિભાગના કર્મચારીઓને વખતોવખત સરકારશ્રી દ્વારા આપવામાં આવતી અંગ્રેજી ભાષાની તાલીમમાં મોકલવામાં આવે છે.

(૮) વિભાગના કર્મચારીઓને બઢતી માટેની ખાતાકીય પરીક્ષાની તાલીમમાં મોકલવામાં આવે છે.

# નિયામક, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી

## -: જાહેર વિતરણ વ્યવસ્થા શાખા :-

ભારત સરકાર રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ અંતર્ગત લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટીપીડીએસ) હેઠળ વિતરણ કરવા રાજ્યને ઘઉં અને ચોખાની ફાળવણી કરે છે. રાજ્ય સરકાર વતી ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી., દ્વારા ભારતીય ખાદ્ય નિગમના ડેપોમાંથી અનાજનો જથ્થો ઉપાડવામાં આવે છે અને તેનું લક્ષિત જાહેર વિતરણ વ્યવસ્થા (ટીપીડીએસ) હેઠળ વાજબી ભાવની દુકાન મારફત વિતરણ કરવામાં આવે છે.

## (૧) રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩

રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩નો અમલ તા.૦૧/૦૪/૨૦૧૬થી “માં અન્નપૂર્ણા યોજના"ના નામે શરૂ કરવામાં આવેલ છે.

કાયદા હેઠળ બે પ્રકારના કુટુંબોનો લાભાર્થી તરીકેનો સમાવેશ કરાયેલ છે.

૧. અંત્યોદય કુટુંબો

૨. અગ્રતા ધરાવતા કુટુંબો

**૧. અંત્યોદય કુટુંબો :-**

આ યોજના હેઠળ રાજયના માર્ચ–૨૦૧૯ અંતિત ૮,૦૫,૨૮૩ કુટુંબોને આવરી લેવામાં આવેલ છે. આ યોજનામાં લાભાર્થી કુટુંબોને માસિક ધોરણે કાર્ડ દીઠ કુલ ૩૫ કિ.ગ્રા. અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.

**૨. અગ્રતા ધરાવતા કુટુંબો :-**

આ યોજન હેઠળ રાજયના માર્ચ–૨૦૧૯ અંતિત ૨,૯૩,૬૦,૦૨૯ જનસંખ્યાને આવરી લેવામાં આવેલ છે. આ યોજનામાં લાભાર્થીને માસિક ધોરણે વ્યક્તિ દીઠ કુલ ૫ કિલો અનાજના જથ્થાનું વિતરણ કરવામાં આવે છે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ (માં અન્નપૂર્ણા યોજના) હેઠળ નીચે મુજબના સમયગાળા માટે અનાજનું દર્શાવેલ પ્રમાણ–ભાવથી વિતરણ કરવામાં આવેલ છે.

(૧) માહે એપ્રિલ – ૨૦૧૮ થી માર્ચ – ૨૦૧૯ દરમિયાન નીચે મુજબના વિતરણ પ્રમાણ અને ભાવથી અનાજનું વિતરણ કરવામાં આવેલ છે.

| યોજના | અનાજનો પ્રકાર | જથ્થો (કિ.ગ્રા) | ભાવ પ્રતિ કિ.ગ્રા |
|---|---|---|---|
| અંત્યોદય અન્ન યોજના (AAY) | ઘઉં | કાર્ડ દીઠ – ૨૫.૦૦ | ૨–૦૦ |
| | ચોખા | કાર્ડ દીઠ – ૧૦.૦૦ | ૩–૦૦ |
| | **કુલ** | **કાર્ડ દીઠ – ૩૫.૦૦** | |
| અગ્રતા ધરાવતા કુટુંબ (PHH) | ઘઉં | વ્યક્તિ દીઠ – ૩.૫૦૦ | ૨–૦૦ |
| | ચોખા | વ્યક્તિ દીઠ – ૧.૫૦૦ | ૩–૦૦ |
| | **કુલ** | **વ્યક્તિ દીઠ – ૫.૦૦૦** | |

**જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ – રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો – ૨૦૧૩ (NFSA) હેઠળ અનાજ–વિતરણની વર્ષ ૨૦૧૮–૧૯ની કામગીરી**

(આંકડા મે.ટનમાં)

| **યોજના** | **ઘઉં** | | | **ચોખા** | | |
|---|---|---|---|---|---|---|
| | **ફાળવણી** | **ઉપાડ** | **વિતરણ** | **ફાળવણી** | **ઉપાડ** | **વિતરણ** |
| AAY | ૨૩૮૬૦૧.૫૮ | ૨૩૦૭૦૧.૫૮ | ૨૨૯૬૨૪.૨૭ | ૧૦૨૨૫૭.૮૨ | ૧૦૨૨૫૭.૮૨ | ૯૨૧૮૪.૯૭ |
| PHH | ૧૪૨૭૦૧૭.૭૪ | ૧૧૬૮૮૦૭.૮૪ | ૧૨૦૫૪૫૧.૧૦ | ૬૧૧૫૭૯.૦૪ | ૫૩૮૭૨૮.૧૪ | ૫૧૭૩૩૦.૦૪ |
| કુલ | ૧૬૬૫૬૧૯.૩૨ | ૧૩૯૯૫૦૯.૪૨ | ૧૪૩૫૦૭૫.૩૭ | ૭૧૩૮૩૬.૮૬ | ૬૪૦૯૮૫.૯૬ | ૬૦૯૫૧૫.૦૧ |

માર્ચ–૨૦૧૯ની સ્થિતિએ રાજયમાં આવેલ વાજબી ભાવની દુકાનો અને યોજનાવાર કુલ કાર્ડ જનસંખ્યાની માહિતી નીચે મુજબ છે.

પંડિત દીન દયાલ ગ્રાહક ભંડાર (સરકાર માન્ય વાજબી ભાવની દુકાન) કુલ : ૧૭,૦૬૦

માર્ચ – ૨૦૧૯ના કાર્ડ અને જનસંખ્યાની વિગત નીચે મુજબ છે.

| **વિગત** | **યોજના** | **કાર્ડ** | **જનસંખ્યા** |
|---|---|---|---|
| NFSA | AAY | ૮૦૫૨૮૩ | ૩૭૮૯૫૬૧ |
| | PHH | ૫૮૦૪૦૫૪ | ૨૯૩૬૦૦૨૯ |
| Non-NFSA | BPL | ૩૧૧૦૫૪ | ૧૪૮૨૫૫૬ |
| | APL-1 | ૫૭૫૯૮૨૭ | ૨૪૦૮૬૦૩૭ |
| | APL-2 | ૩૮૫૯૫૧ | ૧૬૦૩૩૯૫ |
| | AAY | ૦ | ૦ |
| **કુલ** | | **૧૩૦૬૬૧૬૯** | **૬૦૩૨૧૫૭૮** |

## (૨) જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ ગરીબ કુટુંબોને ખાંડ, ખાદ્યતેલ અને આયોડીનયુક્ત મીઠાનું વિતરણ યોજના

અંત્યોદય અને બી.પી.એલ યોજનાના કુટુંબોને ખાંડ, ખાદ્યતેલ અને રીફાઈન્ડ આયોડીનયુક્ત મીઠાનું વિતરણ કરવામાં આવે છે.

**૧. અંત્યોદય અન્ન યોજનાના ધોરણો (AAY) :**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગના ઠરાવ ક્રમાંક : પીડીએસ/૧૦૨૦૦૫/જીઓઆઇ/૧૧૭/પાર્ટ/ક, તા. ૨૫/૦૩/૨૦૧૩થી AAY કાર્ડ આપવાનાં ધોરણો નક્કી કરાયેલ છે.

૧. જમીન વિહોણા ખેતમજુરો, સીમાંત ખેડુતો, ગ્રામ્ય કારીગરો જેવા કે કુંભાર, ચામડું પકવનાર, વણકરો, લુહાર, સુથાર, ઝુંપડપટ્ટીમાં રહેતા લોકો અને અવિધિસર સેક્ટરમાં દૈનિક ધોરણે પોતાનું ગુજરાન કમાતા જેવાકે, માલસામાન ઉંચકનાર કુલી, રીક્ષાચાલક, હાથલારી ચલાવનારા, ફળફળાદી અને ફુલ વેચનાર, મદારીઓ, કાગળ વીણનાર અને વંચિત તથા આવી જ કેટેગરીમાં આવતા અન્ય ગ્રામ્ય અને શહેરી વિસ્તારમાં રહેતા લોકો.

૨. વિધવા સંચાલિત કુટુંબો અથવા બિમાર વ્યક્તિઓ / અશક્ત વ્યક્તિઓ, ૬૦ વર્ષની ઉંમરની વ્યક્તિઓ અથવા તેથી વધારે ઉંમરની વ્યક્તિઓ કે જેમને જીવન નિર્વાહ માટેનું સાધન ન હોય અથવા સામાજિક આધાર ન હોય.

૩. વિધવાઓ અથવા બિમાર અથવા અશક્ત વ્યક્તિઓ અથવા ૬૦ વર્ષની ઉંમર કે તેથી વધારે ઉંમરની વ્યક્તિઓ અથવા એકલ સ્ત્રીઓ અથવા એકલ પુરુષો કે જેમને કુટુંબ ન હોય અથવા સામાજિક આધાર ન હોય અથવા જીવન નિર્વાહ માટેનું સાધન ન હોય.

૪. તમામ આદીમ આદિવાસી કુટુંબો.

૫. બી.પી.એલ કાર્ડધારક એચ.આઇ.વી ગ્રસ્ત વ્યક્તિ

૬. એ.પી.એલ કાર્ડધારક એચ.આઇ.વી ગ્રસ્ત વ્યક્તિ

૭. ૪૦% ઉપરની શારીરિક ખોડખાંપણવાળી વ્યક્તિ (અપંગ)

**૨. બીપીએલ માટેની યોજના**

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રા.બા. વિભાગના ઠરાવ ક્રમાંક : પીડીએસ/૧૦૨૦૦૧/૫૯/ક, તા.૧૬/૧૨/૨૦૧૩ થી બીપીએલ કાર્ડ આપવાનાં ધોરણો નક્કી કરાયેલ છે

૧. બી.પી.એલ સર્વે મુજબ ગ્રામ વિકાસ વિભાગની યાદીમાં ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા લાભાર્થીઓ બી.પી.એલ રેશનકાર્ડ મેળવવાપાત્ર રહેશે. યાદી પૈકીના ૦ થી ૧૬ ગુણાંક ધરાવતા કુટુંબ માટે આવક ચકાસણી કરવાની રહેશે નહીં.

૨. ઉપરના (૧) મુજબની પાત્રતા ન ધરાવતા અરજદારના કુટુંબની સરેરાશ માથાદીઠ આવક શહેરી વિસ્તાર માટે રૂ. ૫૦૧/- થી ઓછી અને ગ્રામ્ય વિસ્તાર માટે રૂ. ૩૨૪/- થી ઓછી હોય તેવા કુટુંબને બી.પી.એલ રેશનકાર્ડ આપવાનું રહેશે કુટુંબની સરેરાશ માથાદીઠ આવક કુટુંબના સભ્યોને ધ્યાને લઇ નક્કી કરવાની રહેશે. આવકને પ્રમાણિત કરવા માટે સબંધિત મામલતદારશ્રી અધિકૃત રહેશે.

## (૩) જાહેર વિતરણ વ્યવસ્થા સુદ્રઢ કરવા માટે લીધેલા પગલાં

૧) વ્યાજબી ભાવની દુકાનદારોના બાયોમેટ્રીક્સ અને ફોટો મેળવવામાં આવેલા છે. ઓનલાઇન પરમીટ દુકાન સંચાલકના બાયોમેટ્રીક્સ મેળવીને ઇસ્યુ કરવામાં આવે છે. દુકાનદારોને વારંવાર પરમીટ મેળવવા ઝોનલ/મામલતદાર કચેરીએ આવવું ન પડે તે હેતુથી તમામ યોજનાની મળવાપાત્ર જથ્થાની માહે નવેમ્બર–૨૦૧૮થી એડવાન્સ ઓનલાઇન પરમીટ/ઓનલાઇન ચલણ સિસ્ટમની અમલવારી શરૂ કરવામાં આવેલ છે. જેથી નાયબ મામલતદાર પાસે પરમીટ મેળવવા તથા નાણાં ચલણ માટે ગોડાઉન મેનેજર પાસે જવાની જરૂર રહેતી નથી. નવી Advance Online Permit/Online Callan વાજબી ભાવના દુકાનદારના login ID માંથી જનરેટ થાય છે.

૨) વ્યાજબી ભાવના દુકાનદારને મળેલ ઓનલાઇન પરમીટ મુજબના જથ્થાના નાણા બેંકમાં નિગમના ખાતામાં ભરી શકે તેવી સુવિધાઓ ઉભી કરી છે. નાણા જમા થયાની ગોડાઉન ખાતે ઓનલાઇન ઈફ્કિટ જોવા મળે છે. આ વ્યવસ્થાથી દુકાનદારોને બેંકમાં નાણા ભરવામાં વ્યતિત થતો સમય વગેરે મુશ્કેલીઓ દૂર કરવામાં આવેલ છે.

૩) ગોડાઉનથી ડોરસ્ટેપ ડીલીવરી દ્વારા દુકાનના સ્થળે જથ્થો પહોંચાડવામાં આવે છે અને જથ્થો પહોંચ્યો છે કે કેમ તેની ખાતરી માટે ગ્રામ્ય તકેદારી સમિતીના સભ્યો પૈકી બે સભ્યોની પ્રમાણપત્ર/સહી મેળવવામાં આવે છે

૪) ગોડાઉન ઉપરથી ડોરસ્ટેપ ડીલીવરી દ્વારા વિતરણ થતો જથ્થો ગેટપાસ મુજબ બરોબર છે કે કેમ? રૂટ મુજબ જથ્થો પરિવહન થાય છે કે કેમ? તે માટે સ્ટેટેટીક ટીમની રચના કરી આકસ્મિક તપાસ કરવા જીલ્લા પુરવઠા અધિકારીશ્રીઓને સુચના અપાયેલ છે.

૫) ગોડાઉન પરથી જથ્થાનો ઉપાડ થાય કે તુર્ત જ દુકાન સંચાલક, મામલતદાર, વિલેજ વિજીલેન્સ કમિટીના સભ્યો અને જે કાર્ડધારકે મોબાઈલ રજીસ્ટર્ડ કરાવેલ હોય તેમને રજીસ્ટર્ડ મોબાઈલ પર SMSથી જાણકારી આપવામાં આવે છે.

## (૪) જાહેર વિતરણ પધ્ધતિમાં તકેદારી સમિતિઓની દેખરેખ

યોજનાવાર રેશનકાર્ડધારકોને મળવાપાત્ર અનાજ, ખાંડ, આયોડાઇઝડ મીઠું સમયસર મળી રહે તેમજ દુકાનદાર/પરવાનેદારને પરમીટ મેળવવા માટે મામલતદાર/ઝોનલ કચેરીમાં વારંવાર આવવું ન પડે તે હેતુસર ઓનલાઇન કોમ્પ્યુટરાઇઝડ પરમીટ ઇસ્યુ કરવામાં આવે છે, જેમાં વાજબી ભાવની દુકાન સાથે જોડાયેલ યોજનાવાર રેશનકાર્ડધારકોને નિયત પ્રમાણ મુજબ જથ્થાનું વિતરણ કરવા માટે મળવાપાત્ર અનાજ, ખાંડ, કેરોસીન, આયોડાઇઝડ મીઠાના પુરા જથ્થાની એક સાથે પરમીટ ઇસ્યુ કરવામાં આવે છે. દુકાનદાર/પરવાનેદાર પરમીટ મુજબ પુરેપુરો જથ્થો ગોડાઉન ઉપરથી ઉપાડ કરી શકે છે અથવા તેમની જરૂરીયાત મુજબ જથ્થો ઉપાડવા માટે જેટલા જથ્થાનાં નાણા ચલણથી ભરશે તેટલો જથ્થો ગોડાઉન પરથી ઇસ્યુ થાય છે. પરંતુ મોડામાં મોડો ૧૦ તારીખ સુધીમાં દુકાનદાર/પરવાનેદાર પરમીટ મુજબ પૂરેપુરો જથ્થો ઉપાડી લેવાનો રહે છે.

દુકાનદારો દ્વારા રેશનકાર્ડ ધારકોને સમયસર માલ મળી રહે તે પર દેખરેખ રાખવા ગ્રામ્યકક્ષાએ તકેદારી સમિતિ તથા શહેરી વિસ્તારમાં શહેરી તકેદારી સમિતિ તથા તાલુકા/જિલ્લાકક્ષાએ, જિલ્લાકક્ષા સમિતિની રચના કરવામાં આવેલ છે.

તકેદારી સમિતિઓની રચના જાહેર વિતરણ વ્યવસ્થાનું ગ્રામ્યકક્ષાએ પારદર્શક અને સચોટ નિયંત્રણ આવશે તથા તકેદારી સમિતિમાં સીધી લોક ભાગીદારીનો અભિગમ છે.

ફેબ્રુઆરી – ૨૦૧૯ સુધીમાં નીચે મુજબની સમિતિઓ રચવામાં આવેલ છે.

| | | |
|---|---|---|
| (૧) | ગ્રામ્ય તકેદારી સમિતિઓ | ૧૨૭૦૯ |
| (૨) | શહેરી તકેદારી સમિતિઓ | ૪૨૪૪ |
| (૩) | તાલુકા તકેદારી સમિતિઓ | ૨૪૨ |
| (૪) | જિલ્લા તકેદારી સમિતિઓ | ૨૬ |
| (૫) | રાજ્ય તકેદારી સમિતિ | ૧ |

## (૫) અન્નપુર્ણા યોજના

આ યોજના હેઠળ ગરીબ કુટુંબો ૬૫ વર્ષ કે તેથી વધુ ઉંમરના નિરાધાર વૃધ્ધો કે જેઓ રાષ્ટ્રીય નિરાધાર માટેની પેન્શન યોજના હેઠળ પેન્શન મેળવવાપાત્ર હોય, પરંતુ પેન્શન મેળવતા ન હોય તેવા લાભાર્થીને માસિક ૧૦ કિ.ગ્રા. અનાજ વિનામૂલ્યે અન્નપૂર્ણા યોજના હેઠળ આપવામાં આવે છે. આ યોજના અંતર્ગત રાજ્યમાં વર્ષ ૨૦૧૮–૧૯માં ૮૯.૯૦ મે.ટન ઘઉંનું વિતરણ કરવામાં આવેલ છે.

## (૬) અન્નબ્રહ્મ યોજના

નામદાર સુપ્રીમ કોર્ટની રીટ પીટીશન નં.૧૯૬/૨૦૦૧માં તા. ૨૯/૧૦/૨૦૦૨ના આદેશથી ભૂખમરા અને કુપોષણને કારણે થતા મૃત્યુ અટકાવવા માટે રાજ્યની ફરજ જણાવી જરૂરી પગલાં લેવા આદેશ આપેલ, તે અનુસાર રાજ્ય સરકાર દ્વારા તા. ૦૧/૦૪/૨૦૧૦થી અન્નમબ્રહ્મ યોજના અમલમાં મુકેલ છે.

આ યોજના ના લાભાર્થીની પાત્રતા નીચે મુજબ છે.

૧. જે વ્યક્તિ કે કુટુંબ પાસે કોઇપણ પ્રકારનું રેશનકાર્ડ નથી.
૨. અત્યંત ગરીબ / અશકત / નિરાધાર વ્યક્તિ
૩. હોસ્પિટલના બિછાને પડેલ દર્દી કે જેમને અનાજની જરૂરીયાત છે
૪. સામાન્ય દેખાવ પરથી યોગ્ય લાગે તેવી જરૂરીયાતમંદ વ્યક્તિ/કામદાર
૫. ઘરવિહોણા અને અનાથ બાળક એટલે કે સ્ટ્રીટ ચીલ્ડ્રન

ઉપર્યુકત પાત્રતા ધરાવતી વ્યક્તિ/કુટુંબની પસંદગી મામલતદાર/જીલ્લા પુરવઠા અધિકારીશ્રીની સ્વવિવેક બુદ્ધિ ઉપર કરવાની રહે છે.

સદર યોજના હેઠળ વર્ષ ૨૦૧૮–૧૯માં ૨૩૫.૨૦ મે.ટન અનાજનું વિતરણ કરેલ છે.

## –: રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો શાખા :–

જિલ્લા કક્ષાએ જિલ્લા કલેક્ટરશ્રીના અધ્યક્ષ સ્થાને સમિતિની રચના કરવામાં આવેલ છે. જે સમિતિ તાલુકા સમિતિના કામકાજ પર દેખરેખ રાખે છે અને રજુ થતી અપીલના નિકાલની કામગીરી કરે છે.

રાજ્યમાં એપ્રિલ–૨૦૧૮ થી ફેબ્રુઆરી–૨૦૧૯ સુધી અગ્રતા ધરાવતા કુટુંબોમાં સમાવેશ કરવા માટેની કુલ ૧,૮૩,૩૪૨ અરજીઓ મળેલ જે પૈકી ૧,૩૭,૧૦૨ અરજીઓનો હકારાત્મક તેમજ ૩૬,૭૨૩ અરજીઓનો નકારાત્મક નિકાલ મળી કુલ ૧,૭૩,૮૨૫ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

રાજ્યમાં એપ્રિલ–૨૦૧૮ થી ફેબ્રુઆરી–૨૦૧૯ સુધી અગ્રતા ધરાવતા કુટુંબોમાં સમાવેશ થયેલ હોય, પરંતુ પાત્રતા ધરાવતા ન હોય તેવા કુટુંબોની કુલ–૨,૧૩,૨૪૨ અરજીઓ પૈકી ૨,૧૩,૨૨૬ અરજીઓનો નિકાલ કરવામાં આવેલ છે.

આ કાયદા હેઠળ અંત્યોદય અન્ન યોજના (AAY) ના કુટુંબોને માસિક ૩૫ કિલો અનાજ અને "અગ્રતા ધરાવતા કુટુંબો" (PHH) ને વ્યક્તિદીઠ માસિક ૫ કિલો અનાજ ઘઉં પ્રતિ કિલોના રૂ. ૨/– ના ભાવે અને ચોખા પ્રતિ કિલોના રૂ. ૩/– ના ભાવે વાજબી ભાવની દુકાનેથી અનાજનું વિતરણ કરવામાં આવે છે.

## –: બારકોડેડ શાખા :–

### બાયોમેટ્રીક આધારિત બારકોડેડ રેશનકાર્ડ અને વિતરણ પધ્ધતિ

રાજ્યની જાહેર વિતરણ વ્યવસ્થાના માળખાને સુદ્રઢ બનાવવા માટે જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ આવરી લેવાયેલ લાભાર્થી કાર્ડધારકની ખરાઇ તેમજ કેટેગરીવાઇઝ યોગ્ય વર્ગીકરણ માટે સને ૨૦૦૯થી બાયોમેટ્રીક આધારિત બારકોડેડ રેશનકાર્ડ યોજના અમલમાં મુકવામાં આવેલ છે. તા. ૩૧/૦૩/૨૦૧૯ અંતિત કુલ **૧,૩૦,૬૬,૧૬૯** બારોકોડેડ રેશનકાર્ડ ઇસ્યુ કરાયેલ છે. તેમજ બારકોડેડ રેશનકાર્ડ ધારકોને જથ્થાનું વિતરણ થાય તે સુનિશ્ચિત કરવા માટે રાજ્ય સરકારે આધાર આધારિત ઇએફપીએસ પધ્ધતિ દાખલ કરેલ છે. એટલે કે સાચા લાભાર્થીને ઓળખ પ્રસ્થાપિત કરી જથ્થો વિતરણ કરવામાં આવે છે.

બારકોડેડ રેશનકાર્ડ મેળવવા માટે તથા તેમાં સુધારા વધારા માટે નીચે મુજબના ફોર્મ નિયત કરવામાં આવેલ છે.

- નવું રેશનકાર્ડ મેળવવા માટે ફોર્મ નં.–૨
- નામ ઉમેરવા માટે ફોર્મ નં.–૩
- નામ કમી કરવા માટે ફોર્મ નં.૪
- કાર્ડ વિભાજન કરવા માટે ફોર્મ નં.૫
- રેશનકાર્ડમાં સુધારો કરવા માટે–
- નામમાં સુધારો કરવા માટે ફોર્મ નં.૬અ
- સ્થળાંતરના કિસ્સામાં ફોર્મ નં.૬બ
- પાલક/ગાર્ડીયનની નિમણુંક માટે ફોર્મ નં.૭
- રેશનકાર્ડ રદ કરવા માટે ફોર્મ નં.૮
- ડુપ્લીકેટ રેશનકાર્ડ મેળવવા માટે ફોર્મ નં.૯
- બાયોમેટ્રીક ફીંગર પ્રિન્ટમાં સુધારા વધારા માટે ફોર્મ નં–૧૦ નિયત કરવામાં આવેલ છે.

રેશનકાર્ડ મેળવવા તથા ડુપ્લીકેટ રેશનકાર્ડ કઢાવવા માટે ફીનું ધોરણ નીચે મુજબ છે.

| નં. | રેશનકાર્ડનો પ્રકાર | નવા રેશનકાર્ડ રૂ. | ડુપ્લીકેટ રેશનકાર્ડ રૂપિયા |
|---|---|---|---|
| ૧ | એપીએલ–૧ | ૨૦/– | ૩૦/– |
| ૨ | એપીએલ–૨ | ૪૦/– | ૪૦/– |
| ૩ | બીપીએલ | નિ:શુલ્ક | ૫/– |
| ૪ | અંત્યોદય | નિ:શુલ્ક | ૫/– |

રેશનકાર્ડ સંબંધિત અરજીના નિકાલ માટે નિયત થયેલ સમય મર્યાદા નીચે મુજબ છે.

| | (દિવસોમાં) |
|---|---|
| નવા રેશનકાર્ડ માટેની અરજી | ૩૦ |
| અલગ વિભાજનથી રેશનકાર્ડ માટેની અરજી. | ૩૦ |
| રેશનકાર્ડમાં સામાન્ય સુધારા | ૧ |
| રેશનકાર્ડમાં નામ ઉમેરવા માટે | ૧ |
| રેશનકાર્ડમાંથી નામ કમી કરવા માટે | ૧ |
| રેશનકાર્ડમાં સરનામુ બદલવા માટે | ૧ |
| રેશનકાર્ડમાં હાલના રહેઠાણ/સ્થળમાં ફેરફાર કરવા માટે | ૧ |

## –: પેટ્રોલીયમ શાખા :–

**કેરોસીન ફાળવણી અને વિતરણ :**

ભારત સરકાર તરફથી રાજ્યને માહે એપ્રિલ–૧૯ થી જુન–૧૯ના ક્વાર્ટર માટે કુલ ૫૨,૦૦૦ કિ.લી. પીડીએસ કેરોસીનનો જથ્થો ફાળવવામાં આવેલ છે. ઓક્ટોબર–૧૭ થી પીડીએસ કેરોસીન ફાળવણીમાં રાજ્ય સરકારે સ્વૈચ્છિક ૧૬,૮૦૦ કિ.લીનો ઘટાડો કરેલ છે. આમ, જાહેર વિતરણ વ્યવસ્થાના હેતુ માટે માસિક ૧૭૩૩૩.૩૩ કિ.લી. (૧૭૩૩૩ કિ.લી.) પીડીએસ કેરોસીનનો જથ્થો ઉપલબ્ધ થાય છે. આ જથ્થામાંથી રાજ્યમાં જીલ્લાવાર કેરોસીનની ફાળવણી રાજ્યના જીલ્લાઓમાં ઓન લાઇન સિસ્ટમ મુજબ ગેસ જોડાણ નહીં ધરાવતા રેશનકાર્ડની સંખ્યા (કેરોસીન રેશનકાર્ડ) ધ્યાને લઇ રાજ્યની કુલ જરૂરીયાત સામે ભારત સરકાર તરફથી મળેલ જથ્થાની જે ટકાવારી બેસે તે જ ધોરણે દરેક જીલ્લાઓને જરૂરીયાત સામે સમાન ટકાવારીના ધોરણે ફાળવણી કરવામાં આવે છે. જિલ્લાઓ દ્વારા તાલુકાઓને તે જ રીતે સમાન ધોરણે ફાળવણી કરવામાં આવે છે અને તાલુકા કક્ષાએથી વિક્રેતાવાર ફાળવણી કરવામાં આવે છે. માહે એપ્રિલ–૧૯ માટે ૪૬,૨૭,૪૩૮ કેરોસીન કાર્ડધારકો માટે જિલ્લાઓને જરૂરીયાત સામે ૯૫.૪૦% પીડીએસ કેરોસીન ફાળવવામાં આવેલ છે.

**વિતરણ પ્રમાણ :**

રાજ્ય સરકારે માહે ઑક્ટોબર–૨૦૧૬થી બીપીએલ/અંત્યોદય કાર્ડધારકોને વ્યક્તિદીઠ ૨ લિટર તથા ૪ કે તેથી વધુ સંખ્યાવાળા નોનગેસ કાર્ડધારકોને વધુમાં વધુ ૮ લીટર અને એપીએલ–૧/એપીએલ–૨ કાર્ડધારકોને વ્યક્તિદીઠ ૨ લીટર તથા ૨ કે તેથી વધુ સંખ્યાવાળા નોનગેસ કાર્ડધારકોને વધુમાં વધુ ૪ લીટર મુજબ નિયત કરેલ વિતરણ પ્રમાણ મુજબ માસિક ધોરણે કેરોસીનનું વિતરણ કરવામાં આવે છે.

**કેરોસીન ઉપાડની સમયસૂચિ :**

કેરોસીનનો જથ્થો માસના પ્રથમ દિવસથી ઉપાડી વિતરણમાં મુકવામાં આવે છે. કાર્ડધારકોને સમયસર જથ્થો મળી રહે તે માટે ઉપાડની સમયસૂચિ નિર્ધારિત કરવામાં આવેલ છે. જે મુજબ કેરોસીનના એજન્ટો દ્વારા તેમને ફાળવવામાં આવેલ જથ્થા પૈકી તારીખ ૧૦મી સુધીમાં ૪૫% અને તારીખ ૨૦ સુધીમાં પૂરેપૂરો જથ્થો ઉપાડ કરી, સમયસર વિતરણમાં મુકાય તેવું આયોજન રાખવા જીલ્લા કલેક્ટરશ્રીઓને સૂચના આપવામાં આવી છે તેમજ આ બાબતે જિલ્લા તથા રાજ્યકક્ષાએથી મોનીટરીંગ પણ કરવામાં આવે છે.

**ડોરસ્ટેપ ડીલીવરી :**

રાજ્ય સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓ મુજબ કેરોસીનના ડીલરો માસના પ્રથમ દિવસથી જ કેરોસીનના જથ્થાનો ઓઇલ કંપનીઓ ખાતેથી ઉપાડ કરી કેરોસીનના છૂટક વિક્રેતાઓ તથા વાજબી ભાવના દુકાનદારોને અગાઉથી મંજુર કરાવેલા એડવાન્સ પ્રોગ્રામ મુજબ નિર્ધારિત રૂટ પ્રમાણે તેઓને ડોરસ્ટેપ ડીલીવરી મુજબ તેઓના ધંધાના સ્થળે બેઠા જથ્થો પહોંચતો કરે છે.

કેરોસીનનું વિતરણ સુવ્યવસ્થિત થાય તે માટે રાજ્યમાં તા. ૩૧/૧૨/૨૦૧૯ની સ્થિતિએ ૪૩૬ એજન્ટો, ૧૬,૦૯૦ કેરોસીન વિતરણ કરતી વાજબી ભાવની દુકાનો, ૪૩૬૩ છૂટક વિક્રેતા અને ૧૭૩૩ ફેરીયાઓ કેરોસીન વિતરણ કાર્યમાં જોડાયેલા છે.

**પીએનજી/એલપીજી સહાય યોજના :**

રાજ્યમાં તા. ૦૧/૦૫/૨૦૧૮થી માન. મુખ્યમંત્રીશ્રીના હસ્તે ભરૂચ મુકામેથી **"પીએનજી/એલપીજી સહાય યોજના"**નો શુભારંભ કરવામાં આવેલ છે. આ યોજના અંતર્ગત બીપીએલ કેરોસીન કાર્ડધારકોને **"પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના"** અનુસાર સબસીડીના ધોરણે ગેસ જોડાણ પુરું પાડવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા પ્રતિ કનેક્શન રૂ.૧૬૦૦/– ની સબસીડી ભોગવે છે અને આ સબસીડીની એડવાન્સ પેટે ચુકવણી સબંધિત ઓઇલ કંપની તથા પીએનજી કંપનીને કરવામાં આવે છે. આ યોજના અંતર્ગત ઓઇલ માર્કેટિંગ કંપનીઓ તથા પીએનજી કંપનીઓના તા. ૦૭/૦૩/૨૦૧૯ના અહેવાલ અનુસાર કુલ ૨૨,૦૬૦ લાભાર્થી કુટુંબોને એલપીજી/પીએનજી જોડાણ સબસીડીના ધોરણે પુરું પાડવામાં આવેલ છે.

## -: નિયમન અને તપાસણી શાખા :-

રાજ્યની પ્રજાને જીવનજરૂરી આવશ્યક ચીજવસ્તુઓ પોષણક્ષમ ભાવે મળી રહે તે માટે તથા ભાવોમાં થતા વધારાને અંકુશમાં લેવા માટે અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબત હસ્તકના તપાસણી તંત્ર દ્વારા સતત મોનીટરીંગ અને તપાસો કરવામાં આવે છે. જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ અંત્યોદય, બીપીએલ તથા એપીએલ કાર્ડધારકોને નિયત કરેલ પ્રમાણ અને ભાવોથી પુરતા પ્રમાણમાં નિયમિત આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો ઉપલબ્ધ થાય અને તેમાં કોઈ ગેરરીતિઓ ના થાય તે માટે તથા મુક્તબજારના અનાજ, કઠોળ, ખાંડ વગેરે ચીજવસ્તુઓ સરળતાથી અને પોષણક્ષમ ભાવે ઉપલબ્ધ થાય તેમજ પેટ્રોલ-ડીઝલ જેવી ચીજવસ્તુઓમાં કેન્દ્ર સરકારના આવશ્યક ચીજવસ્તુઓ અધિનિયમ-૧૯૯૫ હેઠળ રાજ્ય સરકારે બહાર પાડેલ "ધી ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (પરવાના નિયંત્રણ અને જથ્થા જાહેરાત) આદેશ-૧૯૮૧" હેઠળ પેટ્રોલ-ડીઝલ, કેરોસીન, એલ.ડી.ઓ તેમજ એલ.પી.જી જેવી ચીજવસ્તુઓ માટે પરવાનાઓ લેવામાં આવે છે અને સદર આદેશ હેઠળ લીધેલ પરવાનાઓની અત્રેથી તપાસો કરવામાં આવે છે.

"જાહેર વિતરણ વ્યવસ્થા (નિયંત્રણ) હુકમ-૨૦૦૧" બહાર પાડેલ "ગુજરાત આવશ્યક ચીજવસ્તુઓ (વાજબી ભાવની દુકાનોને લાયસન્સ આપવા બાબતોનો) હુકમ-૨૦૦૪" હેઠળ વ્યાજબી ભાવના દુકાનદારોએ મેળવેલ પરવાનાઓ અન્વયે વ્યાજબી ભાવની દુકાનોની તપાસણી કરવામાં આવે છે.

સમગ્ર રાજયમાં તા.૦૧/૦૪/૨૦૧૮ થી તા.૩૧/૦૩/૨૦૧૯ સુધીના સમયગાળા દરમ્યાન કુલ ૧૧૮૯૫ તપાસો કરવામાં આવેલ છે. જણાયેલ ક્ષતિ/ગેરરીતિઓ અન્વયે રૂ. ૫૯૮.૩૪ લાખની કિંમતનો જુદી જુદી આવશ્યક ચીજવસ્તુઓનો જથ્થો કબ્જે કરવામાં આવ્યો. રૂ. ૧૭૫.૨૦ લાખની કિંમતનો જથ્થો રાજ્યસાત કરવામાં આવ્યો. રૂ. ૪૯.૦૯ લાખની પરવાના અનામત રાજ્યસાત કરવામાં આવી, રૂ. ૧૭૯.૦૬ લાખનો દંડ કરવામાં આવ્યો, ૧૮૮ પરવાના મોકૂફ કર્યા, ૮૮ પરવાના રદ્દ કર્યા, ૭ પોલીસ કેસ કરવામાં આવ્યા તેમજ ૪ પી.બી.એમ. કેસ કરવામાં આવ્યા.

| ઓઈલ કંપની વાઈઝ પેટ્રોલ/ડીઝલ પંપ | | | | | | | માર્ચ–૨૦૧૯ | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| અ.નં. | જિલ્લાનું નામ | જાહેરક્ષેત્રની ઓઈલ કંપનીઓ | | | | રીલાયન્સ પંપ | એસ્સાર પંપ | શેલ ઈન્ડિયા | કુલ |
| | | આઈઓસી | એચપીસી | બીપીસી | કુલ | | | | |
| ૧ | અમદાવાદ શહેર | ૭૩ | ૪૩ | ૩૫ | ૧૫૧ | ૦ | ૦ | ૧૭ | ૧૬૮ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૪૨ | ૩૨ | ૧૫ | ૮૯ | ૭ | ૬ | ૦ | ૧૦૨ |
| ૩ | અમરેલી | ૩૮ | ૨૮ | ૩૩ | ૯૯ | ૧૦ | ૨૭ | ૦ | ૧૩૬ |
| ૪ | આણંદ | ૨૨ | ૪૧ | ૨૭ | ૯૦ | ૬ | ૩૪ | ૦ | ૧૩૦ |
| ૫ | બનાસકાંઠા | ૫૮ | ૨૫ | ૪૭ | ૧૩૦ | ૧૦ | ૫૧ | ૦ | ૧૯૧ |
| ૬ | ભાવનગર | ૪૪ | ૧૪ | ૨૭ | ૮૫ | ૧૧ | ૮ | ૦ | ૧૦૪ |
| ૭ | ભરૂચ | ૬૧ | ૨૭ | ૧૫ | ૧૦૩ | ૭ | ૯ | ૦ | ૧૧૯ |
| ૮ | દાહોદ | ૧૮ | ૭ | ૧૨ | ૩૭ | ૬ | ૭ | ૦ | ૫૦ |
| ૯ | ડાંગ | ૪ | ૦ | ૧ | ૫ | ૦ | ૦ | ૦ | ૫ |
| ૧૦ | ગાંધીનગર | ૩૫ | ૧૮ | ૨૯ | ૮૨ | ૩ | ૧૪ | ૦ | ૯૯ |
| ૧૧ | જામનગર | ૫૨ | ૨૬ | ૨૧ | ૯૯ | ૧૦ | ૪૦ | ૦ | ૧૪૯ |
| ૧૨ | જૂનાગઢ | ૪૬ | ૨૪ | ૨૨ | ૯૨ | ૪ | ૧૯ | ૦ | ૧૧૫ |
| ૧૩ | ખેડા | ૩૮ | ૨૧ | ૨૪ | ૮૩ | ૮ | ૨૮ | ૦ | ૧૧૯ |
| ૧૪ | કચ્છ | ૮૪ | ૩૫ | ૨૮ | ૧૪૭ | ૨૧ | ૫૫ | ૦ | ૨૨૩ |
| ૧૫ | મહેસાણા | ૪૩ | ૧૯ | ૨૧ | ૮૩ | ૮ | ૧૦ | ૦ | ૧૦૧ |
| ૧૬ | નવસારી | ૪૨ | ૧૫ | ૨૭ | ૮૪ | ૨ | ૧૨ | ૦ | ૯૮ |
| ૧૭ | નર્મદા | ૧૧ | ૧ | ૩ | ૧૫ | ૦ | ૪ | ૦ | ૧૯ |
| ૧૮ | પંચમહાલ | ૧૮ | ૨૦ | ૧૪ | ૫૨ | ૨ | ૫ | ૦ | ૫૯ |
| ૧૯ | પાટણ | ૩૦ | ૧૪ | ૧૭ | ૬૧ | ૧ | ૮ | ૦ | ૭૦ |
| ૨૦ | પોરબંદર | ૧૮ | ૧૧ | ૧૫ | ૪૪ | ૨ | ૧૬ | ૬ | ૬૮ |
| ૨૧ | રાજકોટ | ૮૯ | ૫૪ | ૫૧ | ૧૯૪ | ૧૮ | ૧૫ | ૮ | ૨૩૫ |
| ૨૨ | સાબરકાંઠા | ૩૧ | ૧૯ | ૧૯ | ૬૯ | ૨ | ૩૮ | ૨ | ૧૧૧ |
| ૨૩ | સુરત | ૧૧૪ | ૩૯ | ૫૭ | ૨૧૦ | ૬ | ૯ | ૨ | ૨૨૭ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૫૦ | ૨૩ | ૨૪ | ૯૭ | ૬ | ૩૧ | ૦ | ૧૩૪ |
| ૨૫ | વડોદરા | ૭૧ | ૪૩ | ૪૨ | ૧૫૬ | ૧૦ | ૨૩ | ૫ | ૧૯૪ |
| ૨૬ | વલસાડ | ૩૦ | ૨૮ | ૧૮ | ૭૬ | ૧ | ૭ | ૦ | ૮૪ |
| ૨૭ | તાપી | ૨૨ | ૫ | ૩ | ૩૦ | ૦ | ૯ | ૦ | ૩૯ |
| ૨૮ | મહિસાગર | ૯ | ૪ | ૬ | ૧૯ | ૨ | ૬ | ૦ | ૨૭ |
| ૨૯ | છોટા ઉદેપુર | ૧૦ | ૫ | ૧૨ | ૨૭ | ૨ | ૨ | ૦ | ૩૧ |
| ૩૦ | ગીર–સોમનાથ | ૪૩ | ૧૬ | ૨૧ | ૮૦ | ૬ | ૧૬ | ૦ | ૧૦૨ |
| ૩૧ | દેવભૂમિ દ્વારકા | ૩૨ | ૧૪ | ૧૨ | ૫૮ | ૩ | ૩૦ | ૦ | ૯૧ |
| ૩૨ | બોટાદ | ૧૭ | ૮ | ૧૧ | ૩૬ | ૩ | ૬ | ૦ | ૪૫ |
| ૩૩ | મોરબી | ૩૬ | ૧૯ | ૨૯ | ૮૪ | ૬ | ૧૬ | ૨ | ૧૦૮ |
| ૩૪ | અરવલ્લી | ૩૦ | ૧૨ | ૧૭ | ૫૯ | ૫ | ૩ | ૩ | ૭૦ |
| | **કુલઃ–** | ૧૩૬૧ | ૭૧૦ | ૭૫૫ | ૨૮૨૬ | ૧૮૮ | ૫૬૪ | ૪૫ | ૩૬૨૩ |

| કેરોસીન ડીલરોની માહિતી | | | | | | માર્ચ–૨૦૧૯ |
|---|---|---|---|---|---|---|
| અ.નુ. | જિલ્લાનું નામ | ઓઈલ કંપનીના ડીલરોની સંખ્યા | કેરોસીન ડીલરોની સંખ્યા | | | કુલ |
| | | | વ્યાજબી ભાવની દુકાનો | છુટક વિક્રેતા | ફેરીયા | |
| ૧ | અમદાવાદ શહેર | ૪૧ | ૮૧૬ | ૧૦૪૭ | ૩૫૪ | ૨૨૧૭ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૨૧ | ૪૩૩ | ૬૪ | ૨૭ | ૫૨૪ |
| ૩ | અમરેલી | ૧૫ | ૫૬૩ | ૬૧ | ૧૮ | ૬૪૨ |
| ૪ | આણંદ | ૧૪ | ૫૭૯ | ૨૭૬ | ૯૩ | ૯૪૮ |
| ૫ | બનાસકાંઠા | ૨૦ | ૧૦૨૫ | ૩૩ | ૧૧ | ૧૦૬૯ |
| ૬ | ભાવનગર | ૧૮ | ૭૦૪ | ૨૪ | ૪૯ | ૭૭૭ |
| ૭ | ભરૂચ | ૧૩ | ૪૯૯ | ૩૩ | ૧૫ | ૫૪૭ |
| ૮ | દાહોદ | ૮ | ૬૨૦ | ૪૧ | ૨૫ | ૬૮૬ |
| ૯ | ડાંગ | ૧ | ૧૧૨ | ૩ | ૦ | ૧૧૫ |
| ૧૦ | ગાંધીનગર | ૯ | ૩૧૪ | ૨૧૦ | ૮૫ | ૬૦૯ |
| ૧૧ | જામનગર | ૧૩ | ૩૫૩ | ૭૯ | ૧૮ | ૪૫૦ |
| ૧૨ | જૂનાગઢ | ૧૫ | ૧૬૦ | ૫૬ | ૩૬ | ૨૫૨ |
| ૧૩ | ખેડા | ૧૬ | ૬૩૦ | ૧૧૬ | ૫૩ | ૭૯૯ |
| ૧૪ | કચ્છ | ૧૧ | ૬૧૭ | ૧૨૯ | ૧૮ | ૭૬૪ |
| ૧૫ | મહેસાણા | ૧૯ | ૬૯૭ | ૧૪૪ | ૧૧૫ | ૯૫૬ |
| ૧૬ | નવસારી | ૧૧ | ૩૮૪ | ૧૦૭ | ૧૩૩ | ૬૨૪ |
| ૧૭ | નર્મદા | ૩ | ૨૨૧ | ૨૫ | ૧૧ | ૨૫૭ |
| ૧૮ | પંચમહાલ | ૮ | ૪૪૫ | ૩૪ | ૫૮ | ૫૩૭ |
| ૧૯ | પાટણ | ૧૭ | ૪૭૭ | ૧૧૮ | ૩૧ | ૬૨૬ |
| ૨૦ | પોરબંદર | ૫ | ૨૧૯ | ૦ | ૩ | ૨૨૨ |
| ૨૧ | રાજકોટ | ૨૫ | ૭૪૬ | ૧૯૦ | ૫૮ | ૯૯૪ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૨ | ૩૬૧ | ૯૭ | ૬૪ | ૫૨૨ |
| ૨૩ | સુરત | ૩૨ | ૧૦૬૨ | ૭૬૦ | ૨૫ | ૧૮૪૭ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૧૧ | ૫૪૪ | ૮૫ | ૧૦ | ૬૩૯ |
| ૨૫ | વડોદરા | ૧૯ | ૭૮૪ | ૯૨ | ૨૬૫ | ૧૧૪૧ |
| ૨૬ | વલસાડ | ૯ | ૪૩૮ | ૨૮૧ | ૬૬ | ૭૮૫ |
| ૨૭ | તાપી | ૫ | ૨૪૨ | ૯૮ | ૦ | ૩૪૦ |
| ૨૮ | મહિસાગર | ૫ | ૩૦૬ | ૨૪ | ૩૬ | ૩૬૬ |
| ૨૯ | છોટા ઉદેપુર | ૬ | ૩૬૪ | ૧૬ | ૧૭ | ૩૯૭ |
| ૩૦ | ગીર–સોમનાથ | ૯ | ૨૯૨ | ૫ | ૧૩ | ૩૧૦ |
| ૩૧ | દેવભૂમિ દ્વારકા | ૭ | ૨૦૪ | ૪૨ | ૬ | ૨૫૨ |
| ૩૨ | બોટાદ | ૩ | ૧૯૦ | ૪ | ૬ | ૨૦૦ |
| ૩૩ | મોરબી | ૮ | ૨૮૯ | ૨૬ | ૧૦ | ૩૨૫ |
| ૩૪ | અરવલ્લી | ૭ | ૪૦૦ | ૪૩ | ૪ | ૪૪૭ |
| | **કુલ:–** | **૪૩૬** | **૧૬૦૯૦** | **૪૩૬૩** | **૧૭૩૩** | **૨૨૧૮૬** |

| જિલ્લાવાર એલ.પી.જી. કનેક્શન | | | | | માર્ચ–૨૦૧૯ |
|---|---|---|---|---|---|
| અ.નં. | જિલ્લાનું નામ | એજન્સીની સંખ્યા | ગેસ કનેક્શનની સંખ્યા | | કુલ |
| | | | ડી.બી.સી. | એસ.બી.સી. | |
| ૧ | અમદાવાદ શહેર | ૭૬ | ૧૨૩૬૧૧૬ | ૨૯૪૩૦૨ | ૧૫૩૦૪૧૮ |
| ૨ | અમદાવાદ જિલ્લો | ૧૩ | ૧૦૪૯૭૭ | ૨૭૬૫૨ | ૧૩૨૬૨૯ |
| ૩ | અમરેલી | ૨૩ | ૧૧૬૨૧૫ | ૧૧૨૭૨૬ | ૨૨૮૯૪૧ |
| ૪ | આણંદ | ૨૯ | ૧૯૧૦૧૩ | ૧૨૬૮૪૦ | ૩૧૭૮૫૩ |
| ૫ | બનાસકાંઠા | ૪૦ | ૨૦૧૬૩૭ | ૧૭૦૪૪૪ | ૩૭૨૦૮૧ |
| ૬ | ભાવનગર | ૩૦ | ૨૦૪૬૧૧ | ૯૧૪૬૪ | ૨૯૬૦૭૫ |
| ૭ | ભરૂચ | ૨૦ | ૧૦૯૮૬૨ | ૬૮૧૭૦ | ૧૭૮૦૩૨ |
| ૮ | દાહોદ | ૧૦ | ૫૪૯૮૦ | ૧૬૧૫૯૭ | ૨૧૬૫૭૭ |
| ૯ | ડાંગ | ૧ | ૩૦૦૮ | ૧૧૩૦૭ | ૧૪૩૧૫ |
| ૧૦ | ગાંધીનગર | ૨૦ | ૭૭૩૭૫ | ૬૫૮૭૪ | ૧૪૩૨૪૯ |
| ૧૧ | જામનગર | ૨૨ | ૧૮૦૧૩૩ | ૯૨૭૦૬ | ૨૭૨૮૩૯ |
| ૧૨ | જૂનાગઢ | ૩૧ | ૧૮૦૮૭૮ | ૭૬૪૬૯ | ૨૫૭૩૪૭ |
| ૧૩ | ખેડા | ૨૦ | ૧૩૩૫૯૮ | ૧૦૭૭૩૫ | ૨૪૧૩૩૩ |
| ૧૪ | કચ્છ | ૨૮ | ૧૭૯૨૪૭ | ૧૦૧૯૬૧ | ૨૮૧૨૦૮ |
| ૧૫ | મહેસાણા | ૨૮ | ૧૯૦૩૧૧ | ૨૦૨૭૨૮ | ૩૯૩૦૩૯ |
| ૧૬ | નવસારી | ૧૪ | ૧૩૮૭૫૩ | ૧૩૦૩૭૯ | ૨૬૯૧૩૨ |
| ૧૭ | નર્મદા | ૨૮ | ૧૯૦૩૧૧ | ૨૦૨૭૨૮ | ૩૯૩૦૩૯ |
| ૧૮ | પંચમહાલ | ૯ | ૮૧૩૫૫ | ૭૮૪૫૭ | ૧૫૯૮૧૨ |
| ૧૯ | પાટણ | ૧૫ | ૧૨૮૬૯૭ | ૭૯૨૯૧ | ૨૦૭૯૮૮ |
| ૨૦ | પોરબંદર | ૧૨ | ૬૮૦૫૪ | ૩૩૩૨૫ | ૧૦૧૩૭૯ |
| ૨૧ | રાજકોટ | ૪૭ | ૨૫૧૫૬૩ | ૧૫૩૪૮૩ | ૪૦૫૦૪૬ |
| ૨૨ | સાબરકાંઠા | ૧૬ | ૯૧૫૭૭ | ૭૬૬૫૫ | ૧૬૮૨૩૨ |
| ૨૩ | સુરત | ૫૮ | ૮૮૨૧૫૮ | ૩૪૫૮૫૯ | ૧૨૨૮૦૧૭ |
| ૨૪ | સુરેન્દ્રનગર | ૧૬ | ૯૧૫૭૭ | ૭૬૬૫૫ | ૧૬૮૨૩૨ |
| ૨૫ | વડોદરા | ૪૦ | ૪૮૬૫૦૦ | ૧૫૨૫૩૪ | ૬૩૯૦૩૪ |
| ૨૬ | વલસાડ | ૧૮ | ૧૬૮૨૯૪ | ૧૭૪૫૧૨ | ૩૪૨૮૦૬ |
| ૨૭ | તાપી | ૯ | ૩૮૩૬૩ | ૬૯૭૮૧ | ૧૦૮૧૪૪ |
| ૨૮ | મહિસાગર | ૬ | ૨૭૫૫૫ | ૧૧૦૭૪ | ૩૮૬૨૯ |
| ૨૯ | છોટા ઉદેપુર | ૬ | ૧૮૯૨૧ | ૩૦૮૬૭ | ૪૯૭૮૮ |
| ૩૦ | ગીર–સોમનાથ | ૧૯ | ૭૮૧૮૫ | ૫૫૨૨૯ | ૧૩૩૪૧૪ |
| ૩૧ | દેવભૂમિ દ્વારકા | ૧૧ | ૫૩૩૨૦ | ૩૦૪૧૭ | ૮૩૭૩૭ |
| ૩૨ | બોટાદ | ૮ | ૪૧૫૩૩ | ૩૬૧૫૫ | ૭૭૬૮૮ |
| ૩૩ | મોરબી | ૧૩ | ૬૧૧૭૭ | ૪૫૪૨૧ | ૧૦૬૫૯૮ |
| ૩૪ | અરવલ્લી | ૭ | ૪૫૪૬૭ | ૬૯૫૪૩ | ૧૧૫૦૧૦ |
| | **કુલઃ–** | ૭૪૩ | ૬૧૦૭૩૨૧ | ૩૫૬૪૩૪૦ | ૯૬૭૧૬૬૧ |

| માહે એપ્રિલ–૧૮ થી માર્ચ –૨૦૧૯સુધીની તપાસ, જપ્તી અને રાજ્યસાતની વિગત દર્શાવતુ જિલ્લાવાર પ્રોગ્રેસીવ પત્રક | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| **અ.નં** | **જિલ્લાનુ નામ** | **કુલ તપાસની સંખ્યા** | **પેટ્રોલીયમ પ્રોડકટની તપાસો** | **વ્યાજબી ભાવની દુકાનોની તપાસો** | **વ્યા.ભા. દુકાનો સિવાયની તપાસો** | **અન્ય બિપ. તપાસો** | **કુલ જપ્ત કરેલ જથ્થાની કિંમત** | **કૂલ રાજ્યસાત કરેલ જથ્થાની કિંમત** |
| ૧ | અમદાવાદ શ. | ૩૧૪ | ૨૮ | ૨૮૬ | ૦ | ૦ | ૧૩૧૦૮૯૬ | ૨૩૦૯૮૨ |
| ૨ | અમદાવાદ જિ | ૩૪૯ | ૨૧ | ૩૨૭ | ૧ | ૦ | ૬૦૬૭૨ | ૧૧૩૬૬ |
| ૩ | અમરેલી | ૫૩ | ૧૬ | ૩૩ | ૪ | ૦ | ૮૩૮૨૮૦૫ | ૨૩૯૫૩૨૯ |
| ૪ | અરવલ્લી | ૨૪૭ | ૪૧ | ૨૦૫ | ૧ | ૦ | ૬૦૯૭૧૮ | ૬૧૬૧ |
| ૫ | આણંદ | ૧૩૧ | ૭ | ૧૧૯ | ૫ | ૦ | ૧૧૨૦૩૫૧ | ૬૭૭૫૩ |
| ૬ | બનાસકાંઠા | ૧૨૫૦ | ૫૦ | ૧૨૦૦ | ૦ | ૦ | ૭૧૮ | ૬૦૭૯૨ |
| ૭ | બોટાદ | ૩૧૧ | ૨૬ | ૨૬૬ | ૧૯ | ૦ | ૧૩૭૫૬૬૪ | ૬૪૮૦૧૨ |
| ૮ | ભરૂચ | ૫૨૫ | ૨૬ | ૪૯૬ | ૩ | ૦ | ૧૧૩૪૧૯૪ | ૧૮૫૭૯૫ |
| ૯ | ભાવનગર | ૩૭૩ | ૨૪ | ૩૪૫ | ૪ | ૦ | ૧૮૬૯૨૦૯ | ૨૮૬૦૫૦ |
| ૧૦ | છોટાઉદેપુર | ૪૩૮ | ૦ | ૪૩૭ | ૧ | ૦ | ૫૯૩૩૦૮ | ૧૮૩૧૦૦ |
| ૧૧ | ડાંગ | ૫૮ | ૧ | ૫૭ | ૦ | ૦ | ૨૫૩૪૦ | ૦ |
| ૧૨ | દાહોદ | ૫૨૨ | ૦ | ૫૨૧ | ૧ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | દેવભુમિ દ્વારકા | ૮૨ | ૧૯ | ૬૦ | ૩ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | ગાંધીનગર | ૩૬૭ | ૬ | ૩૬૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | ગીર સોમનાથ | ૨૨૨ | ૩૯ | ૧૭૮ | ૫ | ૦ | ૧૩૪૨૪૧ | ૨૪૧૦૯૦ |
| ૧૬ | જામનગર | ૨૪૮ | ૬૯ | ૧૭૮ | ૧ | ૦ | ૩૯૮૪૨૯૬ | ૪૬૮૭૫૦૭ |
| ૧૭ | જુનાગઢ | ૨૬૨ | ૨૦ | ૨૩૮ | ૨ | ૨ | ૧૪૧૦૩૩૮ | ૨૦૦૦ |
| ૧૮ | ખેડા | ૯૫૧ | ૬૨ | ૮૮૫ | ૪ | ૦ | ૧૦૮૯૧૫૯ | ૩૫૧૭૭૫ |
| ૧૯ | કચ્છ | ૨૮૫ | ૯ | ૨૭૫ | ૧ | ૦ | ૩૩૦૨૮૦ | ૧૯૦૮૬૧ |
| ૨૦ | મહેસાણા | ૧૪૩ | ૨૪ | ૧૧૨ | ૭ | ૦ | ૧૦૪૧૨૩ | ૧૦૩૦૫ |
| ૨૧ | મહિસાગર | ૨૧૯ | ૩ | ૨૦૫ | ૧૧ | ૦ | ૩૫૪૬૮૨ | ૦ |
| ૨૨ | મોરબી | ૧૨૫ | ૩ | ૧૧૮ | ૪ | ૦ | ૬૭૭૪૮૦૧ | ૦ |
| ૨૩ | નવસારી | ૨૧૯ | ૨૩ | ૧૮૦ | ૧૬ | ૦ | ૨૭૮૬૭૯૩ | ૬૧૨૬૨૩ |
| ૨૪ | નર્મદા | ૧૩૧ | ૦ | ૧૩૧ | ૦ | ૦ | ૨૧૬૬ | ૦ |
| ૨૫ | પંચમહાલ | ૨૨૬ | ૮ | ૨૧૩ | ૪ | ૧ | ૨૧૫૨૭૦ | ૨૫૬૯૬૩૩ |
| ૨૬ | પાટણ | ૧૭૮ | ૬ | ૧૭૧ | ૧ | ૦ | ૧૨૮૫૯૪ | ૦ |
| ૨૭ | પોરબંદર | ૨૩૮ | ૫૩ | ૧૭૯ | ૬ | ૦ | ૧૧૭૪૦૧૦ | ૩૧૯૧૦ |
| ૨૮ | રાજકોટ | ૧૬૪ | ૧૮ | ૧૩૪ | ૧૨ | ૦ | ૩૭૬૭૫૦૪ | ૨૯૩૭૩૩૨ |
| ૨૯ | સાબરકાંઠા | ૪૪૫ | ૧૪ | ૪૨૬ | ૫ | ૦ | ૨૨૬૦૮૦૧ | ૪૪૫૨૫૪ |
| ૩૦ | સુરત | ૩૬૯ | ૨૪ | ૩૩૯ | ૬ | ૦ | ૩૮૪૦૦૪૪ | ૪૦૫૮૯૩ |
| ૩૧ | સુરેન્દ્રનગર | ૧૦૨૯ | ૧૯ | ૯૮૮ | ૨૨ | ૦ | ૨૯૧૪૯૦૪ | ૩૬૦ |
| ૩૨ | તાપી | ૨૭૬ | ૬ | ૨૬૭ | ૩ | ૦ | ૩૨૫૬૪૦૯ | ૪૧૨૨૫૦ |
| ૩૩ | વડોદરા | ૪૯૩ | ૧૪ | ૪૭૪ | ૫ | ૦ | ૪૨૭૬૮૯૭ | ૪૫૩૦૨૩ |
| ૩૪ | વલસાડ | ૨૨૦ | ૩ | ૨૧૬ | ૧ | ૦ | ૨૦૨૯૫૯ | ૯૩૫૨૫ |
| | **જિલ્લા કક્ષા** | **૧૧૪૬૩** | **૬૮૨** | **૧૦૬૨૦** | **૧૫૮** | **૩** | **૫૫૪૯૧૧૪૪** | **૧૭૫૨૦૬૮૧** |
| | **રાજ્ય કક્ષા** | **૪૩૨** | **૬૬** | **૨૯૩** | **૫૩** | **૨૦** | **૪૩૪૩૦૧૮** | **૦** |
| | **એકંદરે કુલ** | **૧૧૮૯૫** | **૭૪૮** | **૧૦૯૧૩** | **૨૧૧** | **૨૩** | **૫૯૮૩૪૧૬૨** | **૧૭૫૨૦૬૮૧** |

નાણાકીય વર્ષ ૨૦૧૮–૧૯ની વિષયવાર તપાસ અને લીધેલ પગલાની વિગત દર્શાવતુ પત્રક

| અ. નં | તપાસનો પ્રકાર | તપાસની સંખ્યા | ક્ષતિ વાળી | ક્ષતિ વગર | એકમ | જપ્ત કરેલ | | રાજ્યસાત કરેલ | | પરવાના અનામત | દંડની રકમ | પરવાના વિષયક પગલા | | કોર્ટ કેસ | વ્યક્તિ | પીબીએમ કેસ | વ્યક્તિ |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | જથ્થો | કિંમત રૂ! | જથ્થો | કિંમત રૂ! | કિંમત રૂ! | કિંમત રૂ! | મોકુફ | રદ | | | | |
| ૧ | પેટ્રોલ -ડીઝલ | ૨૪૦ | ૩૧ | ૨૦૯ | લીટર | ૩૮૪૨૪ | ૩૦૨૭૧૩૮ | ૭૧૨૧ | ૫૨૩૨૭૭ | ૨૩૨૫૦ | ૮૧૦૦ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૨ | કેરોસીન– જા.વિ | ૧૩૫ | ૨૨ | ૧૧૩ | લીટર | ૬૯૦૪૮ | ૧૯૭૦૬૦૯ | ૪૦૧૩૫ | ૧૦૬૭૩૨૭ | ૧૮૬૨૫ | ૩૯૧૮૫ | ૧ | ૧ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૩ | કેરોસીન– અન્ય બિ.પ | ૧૪ | ૫ | ૯ | લીટર | ૨૬૧૦ | ૮૨૦૮૦ | ૭૯૮૪૨ | ૧૫૨૭૮૯૪ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૪ | સોલવંટ | ૩૫ | ૧૨ | ૨૩ | લીટર | ૫૨૮૭૬ | ૨૮૯૪૬૫૪ | ૭૭૧૧૬ | ૩૮૮૩૦૧૫ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૫ | એલડીઓ/લુબ્રી./અન્ય ઓઇલ | ૩૦ | ૨૮ | ૨ | લીટર | ૨૮૪૦૫૦ | ૧૫૪૨૩૭૪૭ | ૯૧૮૧૦ | ૪૬૮૫૩૬૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૬ | રાધણ ગેસ એજન્સી – જા.વિ | ૧૬૩ | ૩૫ | ૧૨૮ | નંગ | ૧૮૦૭ | ૧૬૨૦૦૪૨ | ૧૭૬ | ૧૯૦૪૩૧ | ૨૨૨૫૦ | ૧૨૩૧૭ | ૧ | ૦ | ૧ | ૦ | ૦ | ૦ |
| | | | | | કિલો | ૦ | | ૦ | | | | | | | | | |
| ૭ | રા.ગેસ–ફ્રી–સે–હોટલ–રેસ્ટો.વાહન–અન્યબિ.પ | ૧૩૧ | ૮૪ | ૪૭ | નંગ | ૪૪૨ | ૭૯૧૫૪૩ | ૧૭૭૫૬ | ૭૩૧૦૩૪ | ૨૫૦ | ૪૫૯૯૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| | | | | | કિલો | ૦ | | ૧૪ | | | | | | | | | |
| ૮ | ખાદ્યતેલ તમામ | ૩૬ | ૧૨ | ૨૪ | કિલો | ૧૧૩૧૦૮ | ૭૯૫૯૮૧૫ | ૬૬૬૫ | ૪૯૨૫૫૩ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૯ | ખાદ્યતેલબીયા તમામ | ૯ | ૦ | ૯ | કિલો | ૨૧૦ | ૧૦૫૦૦ | ૮૪૫ | ૫૩૩૫૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૦ | અનાજ વભદ | ૧૦૯૧૩ | ૩૮૭૬ | ૭૦૩૭ | કિલો | ૬૪૩૫૧૨ | ૨૭૮૭૪૬૪ | ૨૭૧૮૧૧ | ૯૬૯૦૯૯ | ૪૮૪૫૦૬૯ | ૧૭૮૦૦૫૬૪ | ૧૮૬ | ૮૬ | ૨ | ૩ | ૪ | ૪ |
| ૧૧ | અનાજ વભદ સિવાય તમામ/અન્ય બિ.પ. | ૭૫ | ૫૦ | ૨૫ | કિલો | ૨૪૩૧૫૭ | ૪૬૩૧૩૯૪ | ૮૧૩૩૫ | ૧૪૯૮૧૫૨ | ૦ | ૦ | ૦ | ૦ | ૪ | ૫ | ૦ | ૦ |
| ૧૨ | કઠોળ તમામ | ૦ | ૦ | ૦ | કિલો | ૬૫૭૩ | ૨૦૦૦૭૬ | ૩૪૫૬ | ૧૭૧૬૦૬ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૩ | ખાંડ તમામ | ૦ | ૦ | ૦ | કિલો | ૨૮૭૯૪ | ૬૨૮૦૯૧ | ૧૪૬૭૯ | ૩૪૧૪૬૯ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૪ | મીઠું | | | | કિલો | ૧૦૬૫૦ | ૧૦૬૫૦ | ૫૫૪૮ | ૫૫૪૮ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૫ | અન્ય બિ.પ તમામ | ૨૩ | ૨ | ૨૧ | | | | | | | | | | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૬ | આનુસાંગીક સાધનો/વાહનો | | | | | | ૧૬૬૨૮૫૦૦ | ૦ | ૧૧૫૯૮૦૦ | | | | | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૭ | અન્ય વસ્તુઓ | | | | | | ૧૧૬૭૮૬૦ | ૫૫૪૮ | ૨૨૦૭૬૭ | | | | | ૦ | ૦ | ૦ | ૦ |
| ૧૮ | સરકારી ગોડાઉન | ૯૧ | ૧૯ | ૭૨ | | | | | | | | | | | | | |
| **એકંદરે કુલ** | | **૧૧૮૯૫** | **૪૧૭૬** | **૭૭૧૯** | | | **૫૯૮૩૪૧૬૨** | | **૧૭૫૨૦૬૮૧** | **૪૯૦૯૪૪૪** | **૧૭૯૦૬૧૫૮** | **૧૮૮** | **૮૮** | **૭** | **૮** | **૪** | **૪** |

# નિયંત્રક, કાનૂની માપ વિજ્ઞાન અને નિયામક, ગ્રાહક સુરક્ષા

રાજયના નાગરિકો રોજબરોજની જરૂરીયાતની વસ્તુઓ ખરીદે છે તે ઉત્પાદિત થતી ચીજ વસ્તુઓ પૈકી જીવન માટેની પાયાની વસ્તુઓ એટલેકે ખાદ્ય પદાર્થો, ઘર વપરાશની ચીજ વસ્તુઓ, કૃષિ પેદાશો તથા ઔદ્યોગિક ચીજ વસ્તુઓ વિગેરે તમામ ચીજ વસ્તુઓનું ગુણવત્તા નિયમન થાય તે અત્યંત આવશ્ક છે. જો આ પ્રમાણે યોગ્ય ગુણવત્તા નિયમન ન જળવાય તો નાણાંકિય લેવડ–દેવડ કરતા ગ્રાહકોને તેઓએ ખરીદેલ ચીજવસ્તુઓ તેમણે ચૂકવેલ નાણાનાં પ્રમાણમાં પુરતા જથ્થામાં યોગ્ય ભાવે અને યોગ્ય ગુણવત્તામાં છે તેની ખાત્રી જાળવી ન શકાય. જે માટે ગ્રાહક સુરક્ષાના વિશાળ હિતને ધ્યાનમાં રાખીને કાનૂનીમાપ વિજ્ઞાન તંત્ર દ્વારા "ધી લીગલ મેટ્રોલોજી એક્ટ – ૨૦૦૯" તથા "ધી ગુજરાત લીગલ મેટ્રોલોજી (એન્ફો.) રૂલ્સ – ૨૦૧૧"નું મુખ્યત્વે અમલીકરણ થાય છે. આ તંત્રની કામગીરીમાં મુખ્યત્વે વજન અને માપના સાધનોની સમયાંતરે ચકાસણી અને મુદ્રાંકન વજનમાપ બનાવવાના / વેચનાર / દુરસ્ત કરનારને પરવાના આપવા, પેકેજનાં સ્વરૂપમાં વેચાતી ચીજ વસ્તુઓ માટે "ધી લીગલ મેટ્રોલોજી (પેકેજડ કોમોડીટીઝ) રૂલ્સ–૨૦૧૧"ની જોગવાઈઓનો અમલ કરવો વિગેરે કામગીરીનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ગ્રાહકોનાં અધિકારની રક્ષા થાય અને ગ્રાહક સુરક્ષા અધિનિયમ–૧૯૮૬ની જોગવાઇઓ મુજબ તેઓને છેતરવામાં ન આવે, તે માટેની વિવિધ પ્રકારની પ્રવૃત્તિ જેવી કે ગ્રાહક જાગૃતિ પ્રદર્શન, સેમીનાર, ગ્રાહકોની ફરિયાદોનું સમાધાનકારી નિરાકરણ વિગેરે બાબતોનો સમાવેશ થાય છે. આ તમામ કામગીરીમાં ઉતરોત્તર ગુણાત્મક સુધારો તથા વધારો થયેલ છે.

## (૧)મોબાઈલ યુનિટની કામગીરી

- મોબાઈલ યુનિટ સઘન ઝુંબેશ હેઠળ કુલ ૩૨૬ મોબાઈલ કોર્ટ યોજીવામાં આવેલ છે.
- ઓચિંતી મુલાકાત લઈ કુલ ૭૯૮૬ પ્રોસીકયુશન કેસ કરેલ છે.
- પ્રોસીક્યુશન કેસ દ્વારા કુલ રૂ. ૭૧.૫૧ લાખ માંડવાળ ફી સ્થળ ઉપર વસુલ કરેલ છે.

## (૨)આદિજાતિ વિસ્તારની કામગીરી

- રાજયમાં આદિજાતિ વિસ્તાર હેઠળ કુલ–૭ જિલ્લાઓને આવરી લેવાયેલ છે.
- જેમાં કુલ – ૪૧૨ ગામડાં / શહેર આવરી લેવાયેલ છે.
- આ વિસ્તારોમાં કુલ ૭૨૮૨ વેપારી / ફેરીયાની તપાસ કરવામાં આવેલ છે.
- ઓચિંતા દરોડા પાડી કુલ – ૧૦૦૬ વેપારી / ફેરીયાઓની સામે કાયદેસરની કાર્યવાહી કરેલ છે.

## (૩)પેકેજડ કોમોડીટીઝ નિયમો અન્વયે કરેલ કામગીરી

- સમગ્ર રાજયમાં પેકેજડ કોમોડીટીઝના નિયમોના ભંગ સબબ કુલ – ૭૭૪ પ્રોસીકયુશન કેસ કરવામાં આવેલ છે.
- આ નિયમોના ભંગ પૈકી કુલ – ૦૮ એકમ સામે કોર્ટ રાહે કાર્યવાહી હાથ ધરેલ છે.
- કસુરવારો પૈકી કુલ – ૬૮૮ એકમો સામેના પ્રોસીકયુશન કેસ ખાતાકીય રાહે માંડવાળ કરેલ છે.
- કસુરવાર એકમો પાસેથી નિયમાનુસાર રૂ. ૭૯.૬૮ લાખ જેટલી માંડવાળ ફી વસુલ કરવામાં આવેલ છે.

## (૪)વજન માપ ધારા હેઠળ ચકાસણી મુદ્રાંકનની આવક

- વજનમાપ ધારા હેઠળ વજન અને માપવાના સાધનોની સમયાંતરે ચકાસણી અને મુદ્રાંકન ફી પેટે રૂ. ૨૭,૦૧,૩૪,૦૨૪/– આવક થયેલ છે.

## (૫)મંજુર થયેલ બજેટ અને ખર્ચ

- વર્ષ ૨૦૧૮–૧૯ માટે વિવિધ સદરો હેઠળ મૂળ જોગવાઇ રૂ. ૨૨૮૫.૩૯ લાખ, તેની સામે સુધારેલ અંદાજો ૨૩૪૬૧૧ લાખ મંજુર થયેલ છે.
- મંજુર થયેલ બજેટની સામે રૂ. ૨૩૦૧૮૭ લાખનો ખર્ચ થયેલ છે.

## વર્ષ ૨૦૧૮–૧૯માં ગ્રાહક જાગ્રૃતિ અંગેપ્રચાર / પ્રસારની કામગીરી

વર્ષ ૨૦૧૮–૧૯માં નિયામક ગ્રાહક સુરક્ષાની કચેરીમાં ગ્રાહક જાગૃતિ અંગે પ્રચાર/પ્રસાર માટે નીચે મુજબ ની ગ્રાન્ટ મળેલ હતી.

૧. ગ્રાહક જાગૃતિ અંગે પ્રચાર / પ્રસાર માટે રૂ. ૧૦૦ લાખ
૨. કન્ઝ્યુમર્સ કલબ યોજના માટે રૂ. ૧૦૦લાખ
૩. સ્ટેટ કન્ઝ્યુમર હેલ્પલાઇન માટે રૂ. ૧ લાખ
૪. કન્ઝયુમર્સ એફેર્સ એન્ડ પ્રોટેકશન એજન્સી ઓફ ગુજરાત (કા.પા.ગ.) માટે રૂ. ૧ લાખ

## ગ્રાહક ફરીયાદ નિવારણ

ગ્રાહકો તરફથી આ કચેરીને મળેલ સીધી ફરીયાદો તથા સરકારશ્રીના અન્ન, નાગરિક અને ગ્રાહક બાબતોના વિભાગ મારફત મળેલ ફરીયાદોની તપાસ આ ખાતાના કાનુની માપ નિરીક્ષકોને જિલ્લાધિકારીશ્રી મારફત આપવામાં આવે છે. જે અનવ્યે નિરીક્ષકો ફરીયાદીનો રુબરુ સંપર્ક સાધીને ફરીયાદી તથા જે તે કંપની વચ્ચે સમજુતી કરીને બન્ને વચ્ચે સમાધાન થાય અને ફરીયાદીને સંપુર્ણ ન્યાય મળે તે રીતે ફરીયાદોનો નિકાલ કરવામાં આવે છે. જો પ્રિલીટીગેશનથી ફરીયાદ નિકાલ શકય ન હોય તો ગ્રાહકોને સંબંધીત જિલ્લાના ગ્રાહક ફોરમમાં ફરીયાદ દાખલ કરવા સલાહ અપાય છે અને આ બાબતે જરૂર જણાય તો ગ્રાહકને માર્ગદર્શન પણ આપવામાં આવે છે. નિયામક, ગ્રાહક સુરક્ષાની કચેરી દ્વારા તા. ૦૧/૦૪/૨૦૧૮ થી તા. ૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં કુલ–૧૭૦ ફરિયાદો મળેલ, જે પૈકી કુલ–૧૬૪ ફરિયાદોનો નિકાલ કરાયેલ છે.

## કન્ઝ્યુમર કલબો દ્વારા જાહેરાત

- શાળાઓમાં ભણતાં બાળકોને ગ્રાહક જાગૃતિ અંગેનું જ્ઞાન મળી રહે તે હેતુસર કન્ઝયુમર્સ કલબની યોજના વર્ષ ૨૦૧૧–૧૨થી ચાલુ કરેલ છે. જેમાં સંકલન એજન્સી તરીકે માન્ય ગ્રાહક સુરક્ષા મંડળની નિયુક્તી કરવામાં આવે છે. રાજય સરકાર દ્વારા કલબ દીઠ પાંચ હજાર (રૂ. ૫૦૦૦/–) લેખે નાણાંકીય સહાય ચુકવવામાં આવે છે. વર્ષ ૨૦૧૮–૧૯માં સમગ્ર રાજયમાં કુલ ૧૯૯૫ કન્ઝયુમર્સ કલબ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળા કક્ષાએ સ્થાપના કરીને રૂ. ૯૯.૭૫૦ લાખની નાણાં સહાય ચૂકવવામાં આવેલ છે.

- રાજયમાં ગ્રાહકના માગદર્શન તથા તેમના વિવાદોના નિકાલમાં મદદરૂપ થવા માટે "ગ્રાહક શિક્ષણ અને સંશોધન કેન્દ્ર, અમદાવાદ" ખાતે સ્ટેટ કન્ઝ્યુમર હેલ્પ લાઇન નંબર ૧૮૦૦-૦૨૨૨-૨૩૩ કાર્યાન્વિત છે. જેમાં તા. ૦૧/૦૪/૨૦૧૮ થી તા. ૩૧/૦૩/૨૦૧૯ સુધી જુદી જુદી ૭૦૬૪ કવેરીઝ સ્વીકારી તેનો નિકાલ કરેલ છે. સ્ટેટ કન્ઝ્યુમર હેલ્પલાઇન માટે રૂ. ૧ લાખની નાણાં સહાય રાજ્ય સરકારશ્રી દ્વારા તથા રૂ. ૧૨ લાખની નાણા સહાય રાજ્ય કલ્યાણનિધિના ફંડમાંથી ચુકવવામાં આવેલ છે.
- રાજ્ય ગ્રાહક કલ્યાણ નિધિ ગુજરાતની રચના કરવામાં આવેલ છે જેમાં રાજ્ય સરકારશ્રીનો ૨૫% હિસ્સો અને ભારત સરકારશ્રીનો ૭૫% હિસ્સો એમ કુલ રૂપિયા ૧૦ કરોડનું રાજ્ય ગ્રાહક કલ્યાણ નિધિ, ગુજરાતનું ફંડ છે. જે રૂપિયા ૧૦ કરોડ જી.એસ.એફ.એસ.માં ફીક્સ ડીપોઝીટ તરીકે મુકેલ છે. અને તેની વ્યાજની આવકમાંથી ૨૦૧૮-૧૯ના વર્ષમાં મંજુર કરાયેલ ૫ ગ્રાહક સલાહ કેન્દ્રો ચાલુ રાખવા સી.ઇ.આર.સી.ને રૂ.૧૦,૧૫,૪૦૦/- નાણાં સહાય આપેલ છે. ૨૪મી ડીસે.૨૦૧૮ "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિવસ" માટે રૂ.૬,૨૪,૫૫૪/- તથા ૧૫ માર્ચ-૨૦૧૯ "વિશ્વ ગ્રાહક દિન" નિમિત્તે રૂ. ૬,૦૨,૩૨૬/-ગ્રાહક સુરક્ષા મંડળોને ચુકવાયેલ છે.
- ભારત સરકારે ૧૫ મી માર્ચના રોજ "વિશ્વ ગ્રાહક દિન" તથા ૨૪મી ડીસેમ્બરને "રાષ્ટ્રીય ગ્રાહક અધિકાર દિન" તરીકે ઉજવવાનું નકકી કરેલ છે. રાજય સરકાર દ્વારા ૧૫ મી માર્ચ "વિશ્વ ગ્રાહક અધિકાર દિન" તથા ૨૪ મી ડિસેમ્બર "રાષ્ટીય ગ્રાહક અધિકાર દિન" તરીકે ઉજવવામાં આવે છે. આ દિવસોની ઉજવણીમાં રાજ્ય કક્ષાએ પણ આયોજન કરવામાં આવે છે.

  ચાલુ નાણાંકીય વર્ષમાં ૨૪ મી ડિસેમ્બર-૨૦૧૮ની રાજ્ય કક્ષાની ઉજવણી રાજકોટ ખાતે કરવામાં આવી હતી. તથા ૧૫મી માર્ચ-૨૦૧૯ રાજ્ય કક્ષાની ઉજવણી અમદાવાદ ખાતે કરવામાં આવી હતી. તથા જીલ્લા કક્ષાએ ઉજવણી માટે મદદનીશ નિયંત્રક, કાનુનીમાપ વિજ્ઞાન અને ગ્રાહક સુરક્ષા અધિકારીશ્રીઓને કુલ રૂપિયા ૧,૭૦,૦૦૦/- લાખની તથા માન્ય ગ્રાહક સુરક્ષા મંડળોને દરેકને રૂપિયા ૧૫,૦૦૦/- સુધીની નાણાં સહાય આપવામાં આવે છે.
- જિલ્લા/તાલુકા કક્ષાએ સરકાર માન્ય ગ્રાહક મંડળો, પુરવઠા તંત્ર અને કાનૂની માપ વિજ્ઞાન તંત્રની મદદથી રેલીઓ, ગ્રાહક શિબિરો, પ્રદર્શનો, શેરી નાટકો જેવા કાર્યક્રમોનું આયોજન કરી ગ્રાહક જાગૃતિનો ફેલાવો કરે છે. આ ઉપરાંત, રાજ્ય સરકાર દ્વારા ૨૫મી જૂન તથા ૧૫મી સપ્ટેમ્બર એમ બે દિવસો "ગ્રાહક દિન" તરીકે ઉજવાય છે.
- એસ.ટી. બસની બેક પેનલ ઉપર વર્ષ ૨૦૧૮-૧૯માં કુલ ૫૦૦ બસ પાછળ ગ્રાહક સુરક્ષાની જાહેરાતો પ્રસિધ્ધ કરવામાં આવેલ. જેનો ખર્ચ રૂ. ૨૮,૯૧,૦૦૦/-નો ખર્ચ થયેલ છે. તથા વિનાઇલ પ્રિન્ટીંગ અંગેનો ખર્ચ રૂ. ૭,૪૩,૪૦૦/-નો ખર્ચ થયેલ છે.
- ગ્રાહક જાગૃતિના જુદા જુદા વિષયોના કાર્યક્રમોનું દૂરદર્શન મારફતે વર્ષ ૨૦૧૭-૧૮ દરમ્યાન ઓલ ઇન્ડીયા રેડીયો અને વિવિધ ભારતી ઉપર આકાશવાણીના જુદા જુદા સેન્ટરો પર ગ્રાહક સુરક્ષા અંગેની જાહેરાતનું પ્રસારણ કરાવેલ છે. જેનાં રૂ. ૨૯,૩૧,૦૬૫/-નો ખર્ચ થયેલ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯માં ડીડી ગીરનાર પર "ધન્ય થયું આ જીવન", "આનંદમાં સહુ રહીએ", અને "જ્ઞાન પ્રકાશ" જેવા પ્રસારિત કાર્યક્રમમાં જાહેરાત પ્રસિદ્ધ કરવાનો ખર્ચ રૂ. ૨૨,૩૦,૦૦૦/- થયેલ છે.
- વર્ષ ૨૦૧૮-૧૯માં એફ.એમ. ચેનલ પર ગ્રાહક સુરક્શા વિષયક જિંગલ પ્રસારિત કરેલ, જેનો ખર્ચ રૂ. ૨૧,૭૫,૭૮૪/- થયેલ છે. આ જિંગલ બનાવવાનો ખર્ચ રૂ. ૩૯,૬૪૮/- થયેલ છે.

# ગ્રાહક તકરાર નિવારણ કમિશન

ગ્રાહક સુરક્ષા અધિનિયમ, ૧૯૮૬ અન્વયે ગ્રાહકોની ફરિયાદોના નિકાલ માટે ત્રિસ્તરીય ગ્રાહક અદાલતોની જોગવાઇ કરવામાં આવેલ છે. જેમાં જીલ્લા કક્ષાએ ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, રાજ્ય કક્ષાએ રાજ્ય ગ્રાહક તકરાર નિવારણ કમિશન અને રાષ્ટ્રીય કક્ષાએ રાષ્ટ્રીય ગ્રાકહ તકરાર નિવારણ કમિશનની રચના કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્ય સરકારે અમદાવાદ મુકામે ગ્રાહક તકરાર નિવારણ કમિશન ૧૯૮૯થી શરૂ કરેલ છે અને તે અનુસાર જિલ્લા કક્ષાએ જીલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમોની રચના કરેલ છે. રાજ્ય કક્ષાએ કમિશનના પ્રમુખ તરીકે નામ. હાઇકોર્ટના કાર્યરત અથવા નિવૃત્ત ન્યાયમૂર્તિ અને કાયદાથી નક્કી થયા મુજબના બે નોન–જ્યુડિશીયલ સભ્યશ્રીઓ નિર્ણયો આપે છે. વર્ષ ૨૦૦૬–૦૭થી રાજ્ય કમિશન ખાતે ત્રણ નવી સર્કીટ બેન્ચની રચના કરવામાં આવેલ છે. જીલ્લા કક્ષાએ જીલ્લા ફોરમોનાં પ્રમુખ તરીકે જિલ્લા ન્યાયાધીશ કક્ષાના કાર્યરત અથવા નિવૃત્ત ન્યાયિક અધિકારીશ્રી તથા કાયદાથી નક્કી થયા મુજબના બે નોન–જ્યુડિશીયલ સભ્યશ્રીઓ નિર્ણય આપે છે.

હાલ ગુજરાત રાજ્યમાં ૩૮ જીલ્લા ફોરમ કાર્યરત છે. જેમાં અમદાવાદ જિલ્લામાં કુલ ૩ ફોરમો (મુખ્ય, ગ્રામ્ય, એડીશનલ), વડોદરામાં ૨ ફોરમો (મુખ્ય, એડીશનલ), સુરતમાં ૨ ફોરમો (મુખ્ય , એડીશનલ), તથા રાજકોટમાં ૨ ફોરમો (મુખ્ય, એડીશનલ) અને અન્ય જિલ્લાઓમાં ૧ ફોરમ કાર્યરત છે. ૧૨ જિલ્લાઓ પોરબંદર – જૂનાગઢ, દાહોદ – ગોધરા, ડાંગ – વલસાડ, નર્મદા – ભરૂચ, તાપી –સૂરત, અરવલ્લી – સાબરકાંઠા, ગીરસોમનાથ – જૂનાગઢ, બોટાદ – ભાવનગર, છોટાઉદેપુર – વડોદરા, મહીસાગર – ગોધરા, મોરબી – રાજકોટ, દેવભૂમી દ્વારકા – જામનગર સાથે જીલ્લા ફોરમો ક્લબીંગમાં કાર્યરત છે. ૨૯ જિલ્લા ફોરમોમાં પોતાના સ્વતંત્ર બિલ્ડીંગ છે.

આ કાયદાની સરળતા માટે અને ગ્રાહકોના કેસોનો કોર્ટ કરતા ઝડપી રીતે નિકાલ આવે તે રીતે રાજ્ય કમિશન તથા જિલ્લા ફોરમો કામગીરી કરે છે. રૂપિયા વીસ લાખ સુધીના વળતર/ફરિયાદના કેસો જીલ્લા ફોરમમાં કરવામાં આવે છે, જ્યારે વીસ લાખથી ઉપરના અને એક કરોડ સુધીના દાવાઓનો નિકાલ ગ્રાહક તકરાર નિવારણ કમિશન કરે છે.

છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લા ફોરમમાં નીચે મુજબ દાખલ અને નિકાલ કેસો છે.

| વર્ષ | દાખલ | નિકાલ | ટકાવારી |
|---|---|---|---|
| ૨૦૧૩ | ૩૨૪૯ | ૨૫૯૯ | ૮૦% |
| ૨૦૧૪ | ૨૫૩૦ | ૨૧૧૫ | ૮૩.૫૯% |
| ૨૦૧૫ | ૧૫૨૫ | ૧૧૭૬ | ૭૭.૧૧% |
| ૨૦૧૬ | ૧૮૮૭ | ૧૮૨૩ | ૯૬.૬૦% |
| ૨૦૧૭ | ૨૧૪૫ | ૧૭૪૪ | ૮૧.૩૦ % |
| માર્ચ–૨૦૧૮ | ૪૮૫ | ૬૪૫ | ૧૩૨.૯૮ % |
| કુલ | **૧૧,૮૨૧** | **૧૦,૧૦૨** | **૮૫.૪૫ %** |

છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લા રાજ્ય કમિશનમાં નીચે મુજબ દાખલ અને નિકાલ કેસો છે.

| | | | |
|---|---|---|---|
| ૨૦૧૨ | ૯૭૯૪ | ૮૫૫૮ | ૮૭.૩૮% |
| ૨૦૧૩ | ૯૨૩૭ | ૭૭૬૮ | ૮૪.૦૯% |
| ૨૦૧૪ | ૯૧૯૦ | ૬૪૦૨ | ૬૯.૬૬% |
| ૨૦૧૫ | ૯૩૭૪ | ૮૦૧૭ | ૮૫.૫૨% |
| ૨૦૧૬ | ૧૦૦૬૧ | ૭૮૧૮ | ૭૭.૭૦ % |
| ૨૦૧૭ | ૨૭૪૫ | ૩૦૯૫ | ૧૧૨.૭૫ % |
| માર્ચ–૨૦૧૮ | **૫૦,૪૦૧** | **૪૧,૬૫૮** | **૮૨.૬૫ %** |
| કુલ | ૯૭૯૪ | ૮૫૫૮ | ૮૭.૩૮% |

રાજ્ય કમિશનમાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૧૧,૮૨૧ દાખલ કેસો સામે કુલ ૧૦,૧૦૨ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે. જે દાખલ કેસોના પ્રમાણમાં નિકાલ કેસોમાં સરેરાશ ૮૫.૪૫%નો નિકાલ થયેલ છે. જિલ્લા ફોરમોમાં છેલ્લા પાંચ વર્ષમાં કુલ ૫૦,૪૦૧ દાખલ કેસો સામે કુલ ૪૧,૬૫૮ કેસોનો નિકાલ કરવામાં આવેલ છે. જે દાખલ કેસોના પ્રમાણમાં નિકાલ કેસોમાં સરેરાશ ૮૨.૬૫%નો નિકાલ થયેલ છે. એટલે કે ખરેખર છેલ્લા પાંચ વર્ષમાં આટલા મોટા પ્રમાણમાં કેસોનો નિકાલ બતાવે છે કે ઝડપી કેસોના નિકાલમાં તંત્રને સફળતા મળેલ છે.

## કોન્ફોનેટ પ્રોજેક્ટ

કોન્ફોનેટ પ્રોજેકટ એક અગત્યનો કોમ્પ્યુટરાઈઝડ નેટવર્કીગ સિસ્ટમ છે. જેમાં ફોરમ તથા કમિશન ખાતેના તમામ કેસોની રોજબરોજની અદ્યતન સ્થિતિ અપલોડ થાય છે. કેસ સ્ટેટસ પણ જણાવવામાં આવે છે. હાલ તા. ૦૧/૦૪/૨૦૧૮ થી તા. ૩૧/૦૩/૨૦૧૯ દરમિયાન કુલ કોન્ફોનેટ પ્રોજેકટ હેઠળ કેસોની એન્ટ્રી ૧૨૪૯૮ છે જ્યારે ઓનલાઇન અપલોડ જજમેન્ટ ૯૫૩૨ થયેલ છે.

## કમિશનની વેબસાઇટ

જિલ્લા ફોરમોના કેસોની જાણકારી પ્રજાજનોને સરળતાથી મળી રહે તે માટે રાજ્ય સરકાર દ્વારા ગ્રાહક તકરાર નિવારણ કમિશન, ગુજરાત રાજ્યની અદ્યતન વેબસાઇટ પણ ગુજરાતી અને અંગ્રેજી બંનેમાં ડેવલપ કરવામાં આવી છે. અને તે વેબસાઇટ **www.cdrc.gujarat.gov.in** છે. જેના ઉપર જિલ્લા ફોરમોમાં ચાલતા તમામ કેસોને લગતી માહિતી, નિર્ણય અને જુદી જુદી તારીખવાર સુનાવણીમાં લેવાના કેસોના કોઝલીસ્ટ પણ અગાઉના દિવસે અપડેટ કરવામાં આવે છે, જેથી પક્ષકારો/વકીલો પોતાના કેસ ચાલવા અંગેની સ્થિતિથી માહિતગાર રહી શકે.

## ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લીમીટિડ

સને ૨૦૧૮–૧૯નું વર્ષ નિગમની કાર્યવાહીનું ૩૯મું વર્ષ હતું. આ વર્ષે પણ કેન્દ્ર સરકાર અને રાજ્યસરકારની જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળની વિવિધ યોજનાઓ અને કાર્યક્રમનાં અમલીકરણ નિગમે ચાલુ રાખેલ છે. ગુજરાત રાજ્યમાં જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓનું વિતરણ જુદી જુદી યોજનાઓ હેઠળ હાથ ધરવામાં આવે છે. જેવી કે, NFSA-13 (NATIONAL FOOD SECURITY ACT-2013)નો રાજ્ય સરકાર દ્વારા તા. ૦૧/૦૪/૨૦૧૬ના રોજથી અમલ કરવામાં આવેલ છે.

## ભારત સરકાર અને રાજ્ય સરકારનો NFSA યોજનામાં ફાળો

NFSA-13 યોજના માટે સને ૨૦૧૮–૧૯ના વર્ષ માટે રૂ. ૫૪૯.૬૭ કરોડની સુધારેલ જોગવાઇ કરવામાં આવેલ. ભારત સરકાર દ્વારા આ યોજના હેઠળ વિતરણ કરવાના થતા જથ્થા માટે આંતરરાજ્ય મૂવમેન્ટ ખર્ચ, હેન્ડલીંગ ચાર્જ, eFPS કમિશન તથા ECoupon ચાર્જ માટે રૂ. ૭૬ પ્રતિ ક્વિન્ટલ ફાળો આપવામાં આવે છે તથા બાકીનો ફાળો રાજ્ય સરકાર દ્વારા ઘઉં અને ચોખા માટે અનુક્રમે રૂ. ૧૨૪ અને રૂ. ૧૩૨ પ્રતિ ક્વિન્ટલ ફાળો આપવામાં આવે છે. (કોસ્ટશીટ – પરિશિષ્ટ–૧) તથા ઓક્ટો–૧૭ થી FPS કમિશનમાં વધારો થતાં ઘઉં–ચોખામાં અનુક્રમે રૂ. ૧૩૯.૬૦ અને રૂ. ૧૪૭.૫૦ પ્રતિ ક્વિંટલ થયેલ છે.

## ધોરણ ૧ થી ૮માં ભણતી આદિજાતિ કન્યાઓના વાલીઓને વિનામૂલ્યે અનાજ વિતરણની યોજના

ધોરણ ૧ થી ૮માં ભણતી આદિજાતી કન્યાઓની કેળવણીનો વ્યાપ વધારવા, શિક્ષણનું સ્તર ઉંચું લાવવા, ડ્રોપ આઉટનું પ્રમાણ ઘટાડવા અને કન્યા કેળવણીને પ્રોત્સાહન મળે તે હેતુથી આદિવાસી કન્યાદીઠ વાર્ષિક ૬૦ કિગ્રા મુજબ કુટુંદીઠ વધુમાં વધુ બે કન્યાઓને વિનામૂલ્યે અનાજ વિતરણ કરવાનું ઠરાવેલ. આ યોજનાનું નામાભિધાન વર્ષ ૨૦૧૬–૧૭થી **"અન્ન ત્રિવેણી યોજના"** રાખવામાં આવેલ છે. વધુમાં આ યોજનામાં વિનામૂલ્યે આપવામાં આવતા અનાજમાં માત્ર ઘઉંના બદલે ત્રિવિધ અનાજ ઘઉં, ચોખા અને મકાઇ ૧૦–૧૦–૧૦ કિગ્રા આપવાનું ઠરાવેલ છે. આ યોજનાની અમલવારી રાજ્યના શિક્ષણ વિભાગ દ્વારા કરવામાં આવે છે, જેમાં અનાજના જથ્થાની પ્રાપ્તિ તથા વિતરણની કામગીરી નિગમને સોંપવામાં આવેલ છે. જિલ્લા કક્ષાએ નાયબ કલેક્ટરશ્રી, મ.ભ.યો. દ્વારા આ યોજના હેઠળ પ્રમાણિત કરેલ બાળાઓની સંખ્યા પ્રમાણે આપવામાં આવેલ પરમિટ અન્વયે જે તે સત્રમાં નિગમ દ્વારા જથ્થો વિતરણ કરવામાં આવે છે. ૨૦૧૮–૧૯ના પ્રથમ સત્ર માટે ઘઉં, ચોખા અને મકાઇની પ્રત્યેક ૪૯૮૭.૦૦ મે. ટન ફાળવણી થઈ. કુલ સત્રદીઠ ૧૪૯૬૧.૦૩ મે. ટન અનાજની ફાળવણી થયેલ છે.

## લઘુત્તમ ટેકાના ભાવે ખેડૂતો પાસેથી ઘઉં, ડાંગર, મકાઇ, તથા બાજરીની સીધી ખરીદી (MSP)

લઘુત્તમ ટેકાના ભાવે ઘઉં, ડાંગર, મકાઇ તથા બાજરીની પ્રાપ્તિ ખરીફ અને રવિ માર્કેટિંગ સિઝન માટે રાજ્ય સરકાર દ્વારા ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લી.ને નોડલ એજન્સી તરીકે નિમવામાં આવેલ છે. છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ઘઉં અને ડાંગરની ખરીદી અંગેની વિગતો નીચે મુજબ છે.

| અ.નં. | વર્ષ | માર્કેટીંગ સીઝન | MSP હેઠળ ખરીદી (મે.ટન) |
|---|---|---|---|
| ૧ | ૨૦૧૪–૧૫ | ખરીફ ડાંગર | ૧૨૨.૭૪૫ |
| | | | |
| ૨ | ૨૦૧૫–૧૬ | રવિ ઘઉં | ૬૩૧૭૦.૭૫૩ |
| | | ખરીફ ડાંગર | ૯૦૩.૧૯૦ |
| | | ખરીફ ડાંગર A | ૧૩.૩૭૦ |
| | | | |
| ૩ | ૨૦૧૬–૧૭ | રવિ ઘઉં | ૧૦૮.૮૧૫ |
| | | ખરીફ ડાંગર | ૯૮૪.૬૧૫ |
| | | | |
| ૪ | ૨૦૧૭–૧૮ | રવિ ઘઉં | ૬૫૧૩.૫૮૯ |
| | | ખરીફ ડાંગર | ૯૬૮.૨૨૦ |
| | | ખરીફ ડાંગર A | ૧૩૨.૯૮૦ |
| | | મકાઇ | ૩૬૦.૬૫ |
| | | | |
| ૫ | ૨૦૧૮–૧૯ | રવિ ઘઉં | ૩૭૨૭૮.૩૨૩ |
| | | ખરીફ ડાંગર | ૧૦૯૭૮.૧૬૩ |
| | | ખરીફ ડાંગર A | ૨૭૬૩.૪૧૦ |
| | | મકાઇ | ૧૫૪૪.૪૯૬ |
| | | બાજરી | ૮૯૧.૨૪૦ |

## મધ્યાહન ભોજન યોજના(મ.ભો.યો)

કેન્દ્ર સરકાર તથા રાજય સરકાર સંચાલીત મધ્યાહન ભોજન યોજના / સંકલિત બાળ વિકાસ યોજના હેઠળ ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લી. દ્વારા ઘઉં–ચોખા, ખાદ્ય તેલ અને કઠોળની પ્રાપ્તિ અને સંગ્રહની કામગીરી કરે છે. કેન્દ્ર સરકારની યોજનામાં ધોરણ–૧ થી ૫માં ભણતાં બાળકો માટે ઘઉં–ચોખાનો જથ્થો વિના મુલ્યે ફાળવવામાં આવે છે. જયારે ધોરણ ૧ થી ૭ની અન્ય જરૂરીયાત માટે કઠોળ અને ખાદ્યતેલની ખરીદી નિગમ દ્વારા હાથ ધરવામાં આવે છે.

વર્ષ ૨૦૧૮–૧૯ દરમ્યાન અન્ય કલ્યાણકારી યોજનાઓનુ વિતરણ આગળ મુજબ છે.

| યોજના | અનાજની જાત | વિતરણ (મે. ટનમાં) |
|---|---|---|
| M.D.M | તુવેરદાળ | ૧૪૨૯૭.૫૫૩ |
| M.D.M | ચણાદાળ | ૧૦૦૮.૫૪૪ |
| M.D.M | મગદાળ | ૫૦૯.૭૫૯ |
| M.D.M | દેશી ચણા | ૬૨૫૮.૭૦૦ |
| M.D.M (અ.ત્રિ.યો.) | મકાઇ | ૪૪૭.૦૫ |
| M.D.M | ઘઉં | ૬૦૭૬૬.૯૩ |
| M.D.M | ચોખા | ૬૦૫૬૩.૯૭ |
| I.C.D.S | મગદાળ | ૧૩૭૪૪.૯૬ |
| I.C.D.S | તુવેરદાળ | ૦ |
| I.C.D.S | ચણાદાળ | ૦ |
| I.C.D.S | ઘઉં | ૫૦૫૪૬.૫૪ |
| I.C.D.S | ચોખા | ૧૪૨૬૪.૨૫ |
| EFBF | ઘઉં | ૧૩૪૫૩.૪૬ |
| PDS | તુવેરદાળ | ૦ |
| SAG (ICDS) | ઘઉં | ૧૦૦૧૦.૮૦ |

નિગમ દ્વારા તા. ૩૧/૦૩/૨૦૧૯ અંતીત વિતરણ કરવામાં આવેલ જથ્થાની માહિતી (મે. ટનમાં) નીચે મુજબ છે.

| ખાંડ | PDS રીફાઇન્ડ આયોડીનયુક્ત મીઠું | ICDS ડબલ ફોર્ટીફાઇડ મીઠું |
|---|---|---|
| ૭૭૫૨૧.૭૬ | ૪૨૧૬૭.૨૯ | ૧૫૫૮૫.૮૮ |

## –: ખાદ્યતેલ તથા એમડીસેલ :–

### ૧. ખાદ્યતેલ

રાજ્ય સરકાર દ્વારા વર્ષ ૨૦૧૮–૧૯ના બે માસ દરમ્યાન (ઓગસ્ટ અને ઓક્ટોબર) ગરીબ કુટુંબો એટલે કે બી.પી.એલ અને એ.એ.વાય કાર્ડ ધારકોને માસિક ૧ લીટર રીફાઇન્ડ કપાસીયા તેલ પાઉચનું વિતરણ કરવા નક્કી કરવામાં આવેલ, જે અન્વયે રીફાઇન્ડ કપાસીયા તેલના ૬૪૭૯ મે. ટન જથ્થાની ખરીદી કરવામાં આવી.

રાજ્યના તમામ બી.પી.એલ અને એ.એ.વાય કાર્ડ ધારકોને વર્ષ ૨૦૧૮–૧૯ના બે માસ દરમ્યાન ૬૪૭૯ મે. ટન રીફાઇન્ડ કપાસીયા તેલ ૧ લીટર પાઉચના જથ્થાના વિતરણ અન્વયે રાજ્ય સરકારે પ્રતિ પાઉચ રૂ. ૪૨.૩૭ મુજબ ૬૪૭૯ મે. ટન જથ્થા માટે અંદાજે કુલ રૂ. ૩૦.૧૬ કરોડની સબસીડી ભોગવેલ છે.

### ૨. મધ્યાહન ભોજન યોજના

કેન્દ્ર સરકાર તથા રાજ્ય સરકાર સંચાલિત મધ્યાહન ભોજન યોજના હેઠળ ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ ઘઉં, ચોખા, ખાદ્યતેલ અને કઠોળની પ્રાપ્તિ અને સંગ્રહની કામગીરી કરે છે. કેન્દ્ર સરકારની યોજનામાં ધોરણ ૧ થી ૭ની અન્ય જરૂરીયાત માટે કઠોળ અને ખાદ્યતેલની ખરીદી નિગમ દ્વારા હાથ ધરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮–૧૯ માટે ૮૬૬૬.૦૦ મે.ટન કપાસીયા તેલનું વિતરણ કરવામાં આવ્યું હતું.

## ૩. સંકલિત બાળ વિકાસ યોજના (ICDS)

આંગણવાડીના બાળકો તથા સગર્ભા સ્ત્રીઓ, ધાત્રી માતાઓને પોષણયુકત આહાર મળી રહે તે માટે આ યોજના હેઠળ કેન્દ્ર સરકાર દ્વારા ઘઉં–ચોખાની ફાળવણી કરવામાં આવે છે. આ યોજનાની જરૂરિયાત મુજબ કપાસીયા તેલ અને આયોડીનયુકત મીઠાનું નિગમ દ્વારા મુકત બજારમાંથી જાહેર ટેન્ડર પ્રક્રિયા મારફત ખરીદી કરી ઉપલબ્ધ કરી વિતરણ કરવામાં આવે છે. વર્ષ ૨૦૧૮–૧૯માં ૪૦૨૭.૪૪ (મે.ટન) કપાસિયા તેલનું વિતરણ કરવામાં આવેલ છે.

## –: પેટ્રોલીયમ પ્રોડક્ટ શાખા :–

## ૧. ગેસ એજન્સી

નિગમ દ્વારા વાણિજય પ્રવૃતિના ભાગરૂપે ગ્રાહકોને સારી સેવા આપી શકાય તે હેતુથી નીચેની વિગતે ગેસ એજન્સીઓ ચલાવવામાં આવે છે.

| અ.નં | સ્થળ | વિગત | એજન્સી શરૂ થયા તારીખ |
|---|---|---|---|
| ૧. | ઇચ્છાપોર(સુરત) | ડીલરશીપ HPCL | ૦૨/૧૦/૧૯૮૨ |
| ૨ | નવરંગપુરા (અમદાવાદ) | ડીલરશીપ IOC | ૧૫/૧૦/૧૯૮૨ |

ઇચ્છાપોર (સુરત) અને નવરંગપુરા (અમદાવાદ) ખાતે કુલ–૨ રાંધણગેસ (એલ.પી.જી.)ની એજન્સી નિગમ ધરાવે છે. આ એજન્સી ખાતેથી એપ્રિલ–૧૮ થી માર્ચ–૧૯ સુધી વાર્ષિક કુલ ૫૩૦૭૬ નંગ સીલીન્ડરનું વિતરણ થયેલ છે, જે પૈકી સુરત ખાતેથી ૨૮૩૦૫ અને અમદાવાદ ખાતે ૨૪૭૭૧ નંગ ગેસ સીલીન્ડર પુરા પાડેલ છે.

ઇચ્છપોર (સુરત) ગેસ એજન્સીની ડીલરશીપ HPCLને તા. ૦૬/૦૮/૨૦૧૮ના રોજથી પરત કરેલ છે. જે પરત લેવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે. હાલમાં ફક્ત નવરંગપુરા (અમદાવાદ) ખાતે રાંધણગેસની એજન્સી નિગમ ધરાવે છે.

## ૨. પેટ્રોલ પંપ

ગુજરાત રાજય નાગરિક પુરવઠા નિગમ લિ., દ્વારા વાણિજય પ્રવૃતિના ભાગરૂપ, ગ્રાહકોને સારી સેવાઓ સાથે શુદ્ધ પેટ્રોલ, ડીઝલ અને સી.એન.જી. મળી રહે તે હેતુથી નીચે દર્શાવેલ ગેસ/પેટ્રોલ કેન્દ્રોનું સંચાલન કરવામાં આવી રહેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | સ્થળ | વિગત | શરૂ થયા તારીખ |
|---|---|---|---|
| ૧ | સેક્ટર–૨૧ (ગાંધીનગર) | ડીલરશીપ આઇઓસીએલ | ૨૭/૦૩/૧૯૮૨ |
| ૨ | આહવા–ડાંગ (વલસાડ) | ડીલરશીપ આઇઓસીએલ | ૦૧/૧૨/૨૦૦૩ |
| ૩ | વાસણા (અમદાવાદ) | ડીલરશીપ આઇઓસીએલ | ૦૪/૦૧/૨૦૦૪ |
| ૪ | વેજલપુર (અમદાવાદ) | ડીલરશીપ આઇઓસીએલ | ૦૪/૦૧/૨૦૦૪ |

માહે એપ્રિલ–૧૮ થી માર્ચ–૧૯ અંતિત ૭૯.૬૦ લાખ લીટર પેટ્રોલ, ૭૩.૮૩ લાખ લીટર ડીઝલ, ૦.૦૯ લાખ લીટર ઓઈલ તથા ૨૨.૦૩ લાખ કીલો સી.એન.જી.નું વેચાણ કરવામાં આવેલ છે.

રાજ્ય સરકારની વિવિધ કચેરીઓ / બોર્ડ કોર્પોરેશનો / સરકારી સંસ્થાઓને આ પેટ્રોલપંપ ખાતેથી વાહનદીઠ પેટ્રોલમાં રૂા. ૩૫૦૦/- અને ડીઝલમાં રૂા. ૨૫૦૦/- ડીપોઝીટ લઈ ઉધાર વેચાણની સવલત પુરી પાડવામાં આવે છે.

નિગમ સંચાલિત આહવા–ડાંગ પેટ્રોલ પંપની ડીલરશીપ આઇ.ઓ.સી.એલ.ને તા. ૧૨/૧૦/૨૦૧૮ના રોજ પરત કરેલ છે. જે ડીલરશીપ આઇ.ઓ.સી.એલ. પાસેથી પરત લેવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

નિગમ સંચાલિત વાસણા–અમાદાવાદ પેટ્રોલ પંપની ડીલરશીપ આઇ.ઓ.સી.એલ.ને તા. ૨૯/૦૯/૨૦૧૮ના રોજ પરત કરેલ છે. જે ડીલરશીપ આઇ.ઓ.સી.એલ. પાસેથી પરત લેવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

નિગમ સંચાલિત વેજલપુર–અમદાવાદ પેટ્રોલ પંપની ડીલરશીપ આઇ.ઓ.સી.એલ.ને તા. ૧૩/૧૦/૨૦૧૮ના રોજ પરત કરેલ છે. જે ડીલરશીપ આઇ.ઓ.સી.એલ. પાસેથી પરત લેવાની કાર્યવાહી હાલમાં ચાલુ છે.

વધુમાં જણાવવાનું કે,

(૧) નિગમ સંચાલિત કલ્પતરૂ ફીલીંગ સ્ટેશન, સે–૨૧, ગાંધીનગર ખાતે એક્સ્ટ્રા પ્રિમિયમ પેટ્રોલમાં સૌથી વધુ વેચાણ માટેનો ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન તરફથી વર્ષ જાન્યુ.–૧૬ થી ડીસેમ્બર–૧૬ સુધીનો એવોર્ડ મળેલ છે.

(૨) નિગમ સંચાલિત કલ્પતરૂ ફીલીંગ સ્ટેશન, સે–૨૧, ગાંધીનગર ખાતે પ્રિમિયમ પેટ્રોલનું વેચાણ ગાંધીનગર ઝોનમાં સૌથી વધુ વેચાણ માટેનો ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન તરફથી વર્ષ જાન્યુ.–૧૭ થી ડીસેમ્બર–૧૭ સુધીનો એવોર્ડ મળેલ છે.

(૩) નિગમ સંચાલિત કલ્પતરૂ ફીલીંગ સ્ટેશન, સે–૨૧, ગાંધીનગર ખાતે પેટ્રોલ / ડીઝલ / ઓઇલમાં સૌથી વધુ વેચાણ માટેનો ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન તરફથી વર્ષ ૨૦૧૭–૧૮ માટેનો એવોર્ડ મળેલ છે.

(૪) નિગમ સંચાલિત કલ્પતરૂ ફિલીંગ સ્ટેશન, સે–૨૧, ગાંધીનગરને એક્સ્ટ્રા પ્રિમિયમ પેટ્રોલમાં સૌથી વધુ વેચાણ માટેનો ઇન્ડીયન ઓઇલ કોર્પોરેશન તરફથી વર્ષ ૨૦૧૮–૧૯નો એવોર્ડ મળેલ છે.

## ૩. ગોડાઉન બાંધકામ – નાબાર્ડ WIF પ્રોજેક્ટ

રાજ્યમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ની અમલવારી અન્વયે જરૂરી ગોડાઉન સંગ્રહશક્તિ ઉભી કરવાના ભાગરૂપે નાબાર્ડ દ્વારા માર્ચ–૨૦૧૪માં વેર હાઉસીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ–૨ અન્વયે ૪૦ સ્થળોએ કુલ ૮૮,૫૦૦ મે. ટન સંગ્રહશક્તિ રૂ. ૧૦૭ કરોડના પ્રોજેક્ટ કોસ્ટથી ઉભી કરવા મંજૂરી આપવામાં આવેલ છે. તેમજ માર્ચ–૨૦૧૫માં WIF પ્રોજેક્ટ–૩ અન્વયે ૮૪ સ્થળોએ ૧,૬૮,૦૦૦ મે. ટન સંગ્રહશક્તિ રૂ. ૨૧૯ કરોડ પ્રોજેક્ટ કોસ્ટથી ઉભી કરવાની મંજૂરી આપવામા આવેલ છે.

નાબાર્ડની લોન અન્વ્યે વેર હાઉસીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ (૨) અને (૩) માટેના નાણાંકીય વર્ષ ૨૦૧૮–૧૯ની સુધારેલ બજેટ જોગવાઇ રૂ. ૯૦.૦૦ કરોડ સામે વેરહાઉસીગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ–૨માં સમાવિષ્ટ ૪૦ સ્થળો પૈકી ૬ કામો નિગમ દ્વારા તથા માર્ગ અને મકાન વિભાગ દ્વારા ૨૫ સ્થળોએ કામગીરી પુર્ણ કરેલ છે. એમ કુલ

૩૧ કામો માર્ચ–૨૦૧૯ સુધી પૂર્ણ થયેલ છે, જ્યારે બાકી રહેતાં ૯ કામો પૈકી ૩ કામો ફીનીશીંગ લેવલ, ૨ કામો રૂફ લેવલ, ૧ કામ લીંટલ લેવલ તથા ૩ કામોમાં જમીનના પ્રશ્નો છે.

વેર હાઉસીગ ઇન્ફ્રાસ્ટ્રકચર પ્રોજેક્ટ–૩માં સમાવિષ્ટ ૮૪ સ્થળો પૈકી ૪૪ સ્થળો ખાતે માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવા અને ૪૦ સ્થળોએ નિગમ કક્ષાએ હાથ ધરવા નિર્નય થયેલ છે.

નિગમ દ્વારા હાથ ધરવાના ૪૦ સ્થળોના કામો પૈકી ૫ સ્થળો ખાતે કામગીરી પૂર્ણ થયેલ છે. ૯ સ્થળો ફીનીશીંગ લેવલ, ૮ સ્થળો રૂફ લેવલ, ૧ લીંટલ લેવલ, ૪ લીંટલ લેવલ, ૧ ટેન્ડરીંગ તબક્કે, ૧૨ કામોમાં જમીનના પ્રશ્નો છે.

માર્ગ અને મકાન વિભાગ દ્વારા હાથ ધરવાના થતાં ૪૪ કામો પૈકી ૨ કામો પૂર્ન થયેલ છે, ૧૧ કામો ફીનીશીંગ લેવલ, ૪ કામો રૂફ લેવલ, ૩ કામો લીંટલ લેવલ, ૪ કામો પ્લીન્થલેવલ, ૧ કામ ફાઉન્ડેશન લેવલ, ૮ સ્થળો ટેન્ડરીંગ લેવલ, ૧૧ સ્થળો ખાતે જમીનના પ્રશ્નો છે.

નિગમના જુના હયાત ૩૮૦ ગોડાઉનમાં મોર્ડનાઇઝેશન અને અપગ્રેડેશનની કામગીરી અન્વયે ગોડાઉનની જૂની સીમેન્ટશીટ બદલવી તથા પાઉડરકોટેડ એમ.એસ પ્રોફાઇલશીટ નાખવા, રોલીંગ શટર્સ નાખવા, ટર્બો વેન્ટીલેટર નાખવા, સી.સી ફ્લોરીંગ, નવુ ઇલેક્ટ્રીફીકેશન, પ્લીન્થ પ્રોટેક્શન, ફાયર ફાઇટીંગ, વોટર કુલર, એરકુલર અને કલર કામનો સમાવેશ કરીને તમામ જિલ્લાઓમાં ૩૮૦ ગોડાઉનોમાં હાથ ધરવાની થતી કામગીરી માટે રૂ.૪૦.૨૯ કરોડનો પ્રોજેક્ટ નાબાર્ડ દ્વારા મંજૂર થયેલ છે. જે અન્વયે ટેન્ડરો બહાર પાડી કામગીરી હાથ ધરવા માટેના વર્ક ઓર્ડર આપેલ છે. જે પૈકી ૧૦૮ ગોડાઉનોમાં મોર્ડનાઇઝેશન અને અપગ્રેડેશનની કામગીરી પ્રગતિમાં છે.

## –: મટીરીયલ બેંક શાખા :–

રાજ્ય સરકારશ્રીના તા. ૦૫/૦૪/૨૦૦૪ના ઠરાવ અનુસાર રાજ્ય સરકારના વિવિધ વિભાગો, કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશનો, વિગેરેના વિકાસના તેમજ આંતરમાળખાકીય કામોની સુવિધા માટે સિમેન્ટની પ્રાપ્તિ/ઉપલબ્ધિ કરાવવા નિગમની નોડલ એજન્સી તરીકે નિયુકિત કરવામાં આવેલ છે. આ કામગીરી માટે નિગમ દ્વારા હેન્ડલીંગ ચાર્જ પેટે રૂ. ૨/– પ્રતિબેગ (રૂ. ૪૦ પ્રતિ મે. ટન) વસુલ કરવામાં આવે છે.

રાજ્ય સરકારના ઉપરોક્ત ઠરાવ અને સરકારશ્રી દ્વારા વખતોવખત નિયત કરવામાં આવતાં સિમેન્ટના પ્રાપ્તિ ભાવ અનુસાર રાજ્ય સરકારશ્રીના વિવિધ વિભાગો, કચેરીઓ, બોર્ડ, કોર્પોરેશનો તરફથી રજૂ કરવામાં આવેલ ઈન્ડેન્ટ તથા એડવાન્સ નાણાં મળ્યેથી મેજર સિમેન્ટ ઉત્પાદક કંપનીઓને ખરીદ ઓર્ડર આપવામાં આવે છે.

નાણાંકીય વર્ષ ૨૦૦૪–૦૫ થી માર્ચ–૨૦૧૯ અંતીત સિમેન્ટની પ્રાપ્તિ/ઉપલબ્ધિ, નિગમને અને સરકારને થયેલ બચત/આવકની વિગતો આગળ મુજબ છે.

| નાણાકિય વર્ષ | જથ્થો મે. ટન લાખ માં | નિગમને પ્રાપ્ત આવક (રૂ. ૪૦/મે.ટન) | ગુજરાત સરકાર તેમજ બજારમાંથી મળતા ભાવો | રાજ્ય સરકારની બચત (રૂ. લાખમાં) | રાજ્ય સરકારને થયેલ બચત (રૂ. કરોડમાં ) |
|---|---|---|---|---|---|
| ૨૦૦૪–૦૫ | ૦.૯૦ | ૩૬.૦૦ | ૫૦૦ | ૪૫૦.૦૦ | ૪.૫૦ |
| ૨૦૦૫–૦૬ | ૧.૪૦ | ૫૬.૦૦ | ૫૦૦ | ૭૦૦.૦૦ | ૭.૦૦ |
| ૨૦૦૬–૦૭ | ૩.૦૫ | ૧૨૨.૦૦ | ૫૦૦ | ૧૫૨૫.૦૦ | ૧૫.૨૫ |
| ૨૦૦૭–૦૮ | ૨.૫૫ | ૧૦૨.૦૦ | ૫૦૦ | ૧૨૭૫.૦૦ | ૧૨.૭૫ |
| ૨૦૦૮–૦૯ | ૨.૩૪ | ૯૩.૬૦ | ૫૦૦ | ૧૧૭૦.૦૦ | ૧૧.૭૦ |
| ૨૦૦૯–૧૦ | ૧.૭૯ | ૭૧.૬૦ | ૫૦૦ | ૮૯૫.૦૦ | ૮.૯૫ |
| ૨૦૧૦–૧૧ | ૧.૯૨ | ૭૬.૮૦ | ૫૦૦ | ૯૬૦.૦૦ | ૯.૬૦ |
| ૨૦૧૧–૧૨ | ૪.૪૩ | ૧૭૭.૧૬ | ૫૦૦ | ૨૨૧૪.૪૮ | ૨૨.૧૪ |
| ૨૦૧૨–૧૩ | ૪.૬૮ | ૧૮૭.૧૬ | ૫૦૦ | ૨૩૩૯.૪૮ | ૨૩.૩૯ |
| ૨૦૧૩–૧૪ | ૩.૫૩ | ૧૪૧.૨૨ | ૫૦૦ | ૧૭૬૫.૨૭ | ૧૭.૬૫ |
| ૨૦૧૪–૧૫ | ૪.૯૭ | ૧૯૮.૭૭ | ૫૦૦ | ૨૪૮૪.૬૯ | ૨૪.૮૫ |
| ૨૦૧૫–૧૬ | ૩.૮૦ | ૧૫૧.૯૩ | ૫૫૦ | ૨૦૮૯.૦૦ | ૨૦.૮૯ |
| ૨૦૧૬–૧૭ | ૨.૯૨ | ૧૧૬.૮૧ | ૬૦૦ | ૧૭૫૨.૧૬ | ૧૭.૫૨ |
| ૨૦૧૭–૧૮ | ૩.૪૬ | ૧૩૮.૪૦ | ૯૦૦ | ૩૧૧૪.૦૦ | ૩૧.૧૪ |
| ૨૦૧૮–૧૯ | ૧.૩૯ | ૫૫.૭૫ | ૯૦૦ | ૧૨૫૪.૪૧ | ૧૨.૫૪ |
| કુલ | ૪૩.૧૩ | ૧૭૨૫.૨૦ | | ૨૩૯૮૮.૫૦ | ૨૩૯.૮૮ |

# ગુજરાત રાજ્ય અન્ન આયોગ

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ની અમલવારી થતા સદર કાયદાનાં લાભાર્થીઓને સરકારશ્રી દ્વારા નિયત કરેલ ભાવ પ્રમાણે, પૂરતા પ્રમાણમાં અનાજ મળી રહે અને કોઈ ગરીબ વ્યક્તિ અનાજથી વંચિત ન રહી જાય તથા મધ્યાહન ભોજન યોજના હેઠળ પ્રાથમિક શાળાના બાળકોને સરકારશ્રી દ્વારા નિયત કરેલ મેનુ મુજબનો આહાર મળી રહે તથા આંગણવાડી કેન્દ્રો પર બાળકોને તથા ધાત્રી અને સગર્ભા મહિલાઓને ગુણવત્તાયુક્ત અને પોષણક્ષમ આહાર મળી રહે અને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩નો સારી રીતે અમલ થાય તે માટે મોનીટરીંગ અને સમિક્ષા કરવા માટે તેમજ આ કાયદા હેઠળના લાભાર્થીઓને કાયદા અનુસાર મળવા પાત્ર અનાજ /આહાર તથા તેને આનુસંગીક ફરીયાદોના નિવારણ માટે જિલ્લા કક્ષાએ જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારીશ્રીના નિર્ણયથી અસંતૃષ્ઠ હોય તો અપીલ અથવા સીધી ફરીયાદ કરી શકાય તે માટે રાજ્ય કક્ષાએ ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો-૨૦૧૩ અન્વયે ગુજરાત સરકાર દ્વારા ગુજરાત રાજ્ય અન્ન આયોગની તા. ૨૧/૦૩/૨૦૧૭ના જાહેરનામાં ક્રમાંક – GTH/2017/11/PDS/102016/1667/C1થી રચના કરવામાં આવેલ અને તા. ૧૦/૦૫/૨૦૧૭ના રોજ ગુજરાત રાજ્ય અન્ન આયોગના "અન્ન ભવન" ખાતે શુભારંભ તથા લોકોને માનભેર જીવવા માટે પોષણક્ષમ ભાવથી ગુણવત્તાવાળું પૂરતું અન્ન મળી રહે તે માટે કાયદાની જોગવાઇઓ અને આયોગની કામગીરી સંદર્ભે રાજયનાં ગરીબ અને મધ્યમ વર્ગના લોકોની ફરીયાદોના નિવારણ માટે જરૂરી માર્ગદશન આપવા માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણીના અધ્યક્ષ સ્થાને પરિસંવાદ કાર્યક્રમનું ટાઉનહોલ, ગાંધીનગર ખાતે આયોજન કરવામાં આવેલ. સદર કાર્યક્રમમાં રાજ્યનાં માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માન. નાયબ મુખ્યમંત્રીશ્રી નીતીનભાઇ પટેલ, માન. મંત્રીશ્રી જયેશ રાદડિયા (અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકની બાબત), મુખ્ય સચિવશ્રી જે.એન.સિંઘ, અધિક મુખ્ય સચિવશ્રી શ્રીમતી સંગીતા સિંઘ, ઉપરાંત સમગ્ર રાજયમાંથી દરેક જિલ્લા–તાલુકા પુરવઠા સલાહકાર સમિતિનાં સભ્યશ્રીઓ તેમજ અંત્યોદય બી.પી.એલ રેશનકાર્ડ હોલ્ડરો આશરે બે હજાર ઉપરાંતની સંખ્યામાં હાજર રહેલ હતા. માન. મુખ્યમંત્રીશ્રી વિજયભાઇ રૂપાણી, માન. મંત્રીશ્રી જયેશ રાદડિયા (અ.ના.પુ. અને ગ્રા.બા. વિભાગ), માન. અધ્યક્ષશ્રી ભુપેન્દ્ર લાખાવાલા (ગુજરાત રાજ્ય અન્ન આયોગ) તથા માન. સભ્યસચિવશ્રી એમ. એ. નરમાવાલા (ગુજરાત રાજ્ય અન્ન આયોગ)એ રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો – ૨૦૧૩ની જોગવાઇઓ અને તે અન્વયે રચાયેલ ગુજરાત રાજ્ય અન્ન આયોગની કામગીરી બાબતે વિસ્તૃત માર્ગદર્શન આપેલ હતુ.

## ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના

રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમની કલમ–૧૬ અને કલમ–૪૦ની જોગવાઇ મુજબ ગુજરાત રાજય અન્ન આયોગના કાર્યરીતિ અંગેના નિયમો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતનો વિભાગના તા.૨૬/૧૦/૨૦૧૬ ના જાહેરનામાં ક્રમાંક - GTH/2016/36/PDS/102016/2086/C1થી બહાર પાડવામાં આવ્યા.

અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગના તારીખ ૨૫/૧૧/૨૦૧૬નાં જાહેરનામા અન્વયે રાષ્ટ્રીય અન્ન સુરક્ષા અધિનિયમના હેતુ માટે સંબંધિત જિલ્લાનાં નિવાસી અધિક કલેકટર (આર.એ.સી.)ને જિલ્લા ફરિયાદ અધિકારી તરીકે મુકરર કરેલ છે અને અમદાવાદ જિલ્લાનાં નિવાસી અધિક કલેકટર (આર.એ.સી.)ને અન્ન નિયંત્રક, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી, અમદાવાદ શહેર માટે જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારી તરીકે પણ મુકરર કરેલ છે.

અન્ન સલામતી કાયદા–૨૦૧૩ની કલમ–૧૬ની પેટા કલમ (૧) મુજબ તથા અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો વિભાગના તા.૨૧/૦૩/૨૦૧૭નાં જાહેરનામાં ક્રમાંક–GTH/2017/11/PDS/102016/1667/C1 અન્વયે ગુજરાત રાજય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે.

અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગના તા. ૧૩/૦૪/૨૦૧૭ તથા તા. ૧૬/૦૪/૨૦૧૭નાં જાહેરનામાં ક્રમાંક – GTH/2017/12/PDS/102017/92282/C1 અન્વયે નીચે મુજબ ગુજરાત રાજ્ય અન્ન આયોગના ચેરપર્સન, સભ્યશ્રીઓ તથા સભ્યસચિવશ્રીની નિયુક્તિ કરવામાં આવેલ છે.

અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગના તા. ૧૪/૦૯/૨૦૧૮નાં જાહેરનામાં ક્રમાંક – GTH/2018/25/PDS/102018/175/C1થી ગુજરાત રાજ્ય અન્ન આયોગના ચેરપર્સન તરીકેનો હવાલો શ્રી કમલ દયાની (IAS), અગ્ર સચિવશ્રી, અન્ન, નાગરીક પુરવઠા અને ગ્રાહકોની બાબત વિભાગને સોંપવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય અન્ન આયોગના માન. ચેરપર્સનશ્રી, માન. સભ્યસચિવશ્રી તથા માન. સભ્યશ્રીઓ ની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | નામ | હોદ્દો |
|---|---|---|
| ૧ | શ્રી કમલ દયાની (IAS) | ચેરપર્સન |
| ૨ | શ્રી એમ.એ.નરમાવાલા (IAS) (નિ.) | સભ્યસચિવશ્રી |
| ૩ | શ્રી દિનેશ કારિયા | સભ્યશ્રી |
| ૪ | શ્રી નિરંજન ઝાંઝમેરા | સભ્યશ્રી |
| ૫ | શ્રી નીતિન શાહ | સભ્યશ્રી |
| ૬ | શ્રીમતી દર્શનાબેન દેશમુખ | સભ્યશ્રી |
| ૭ | શ્રીમતી વંદનાબેન મકવાણા | સભ્યશ્રી |

માન.અધ્યક્ષશ્રી, માન.સભ્યસચિવશ્રી અને માન.સભ્યશ્રીઓની નિયુક્તિની બોલીઓ અને શરતો અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગનાં તા. ૧૮/૦૯/૨૦૧૭નાં જાહેરનામા ક્રમાંક – GTH/2017/23/PDS/102016/2572/C1થી નક્કી કરવામાં આવેલ છે.

ગુજરાત રાજ્ય અન્ન આયોગની કચેરી માટે અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતો ના વિભાગ દ્વારા મહેકમ મંજુર કરવામાં આવેલ છે. જેની વિગતો નીચે મુજબ છે.

| **ક્રમ** | **નામ** | **હોદ્દો** |
|---|---|---|
| ૧ | શ્રી આસવ પી. ગઢવી | ઉપસચિવશ્રી |
| ૨ | શ્રી આઇ. યુ. નાયક | સેકશન અધિકારી |
| ૩ | શ્રી સંદિપસિંહ એન. ગોહિલ | નાયબ સેકશન અધિકારી |
| ૪ | | ઓફીસ આસિસ્ટન્ટ |
| ૫ | શ્રી અમિતભાઇ એસ. પટેલ | સબ–ઓડીટર |

## કામગીરી

અન્ન અને નાગરીક પુરવઠા વિભાગનાં તા. ૨૧/૦૩/૨૦૧૭નાં જાહેરનામાંથી ગુજરાત રાજ્ય અન્ન આયોગની રચના કરવામાં આવેલ છે. રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ અન્વયે સદર કાયદાના લાભાર્થીઓને પુરતા પ્રમાણમાં નિયત ભાવે રૂ. ૨/– પ્રતિ કિલો ઘઉં અને રૂ. ૩/– પ્રતિ કિલો ચોખા મળી રહે અને કોઇ ગરીબ વ્યક્તિ અનાજથી વંચિત ન રહી જાય અને કાયદાનો સારી રીતે અમલ થાય એ માટે મોનિટરીંગ અને સમિક્ષા કરવાની કામગીરી આયોગ દ્વારા હાથ ધરવામાં આવે છે. કાર્ડ હોલ્ડર નિયત ભાવે મળવાપાત્ર અનાજ ન મળવા બાબતે, ઓછું અનાજ મળવા બાબતે તથા રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા–૨૦૧૩ અન્વયે લાભાર્થી તરીકે સમાવેશ ન કરવા બાબતની ફરીયાદ જિલ્લા કક્ષાએ જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારી તરીકે નિયુક્ત કરેલ જિલ્લા નિવાસી અધિક

કલેકટરશ્રીને કરી શકે છે. તથા લાભાર્થીઓ તેમના નિર્ણયથી અસંતુષ્ઠ હોય તો તે સંદર્ભે રાજ્ય કક્ષાએ ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગરને અપીલ કરવાની જોગવાઇ કાયદામાં થયેલ છે. તદ્ઉપરાંત ગુજરાત રાજ્ય અન્ન આયોગ તેને મળેલ ફરીયાદો અન્વયે સુઓ–મોટો કાર્યવાહી પણ કરી શકે છે.

## ગુજરાત રાજ્ય અન્ન આયોગને બારોબાર મળેલ ફરિયાદોની વિગતો

આયોગને તા. ૩૧/૦૩/૨૦૧૯ સુધીમાં લાભાર્થીઓ તરફથી અનાજ ન મળવા બાબતની તેમજ અન્ન સલામતિ કાયદો–૨૦૧૩ હેઠળ લાભાર્થી તરીકે સમાવેશ ન કરવા બાબતની, બી.પી.એલ. રેશનકાર્ડમાં સ્માવેશ કરવા બાબતની તથા અનાજના વેચાણમાં ગેરરીતિ બાબતની કુલ-૧૫૩ ફરીયાદો બારોબાર મળેલ હતી. જે ફરિયાદો અંગે જિલ્લા કક્ષાએ જિલ્લા ફરિયાદ નિવારણ અધિકારીશ્રી પાસેથી અહેવાલો મેળવવામાં આવેલ અને તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવેલ છે.

આયોગને બારોબાર મળેલ ઉપરોકત ફરિયાદો પૈકી નીચે મુજબના બે કિસ્સામા આયોગ દ્વારા સુઓ–મોટો કાર્યવાહી કરવામા આવેલ છે.

## ગુજરાતમાં જિલ્લા કક્ષાએ મળેલ રીવ્યું મિટીંગની વિગતો

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદો–૨૦૧૩ અન્વયે અમલીકરણના અનુસંધાને ગુજરાત રાજ્યના છોટાઉદેપુર, સુરત, નવસારી, ગાંધીનગર, ખેડા, મહેસાણા, જૂનાગઢ, નર્મદા અને વડોદરા જિલ્લાઓમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા – ૨૦૧૩(NFSA)ની સમીક્ષા કરવા ગુજરાત રાજ્ય અન્ન આયોગના અધ્યક્ષશ્રી, સભ્ય સચિવશ્રી તથા સભ્યશ્રીઓ દ્વારા સમિક્ષા બેઠકો યોજવામાં આવેલ છે.

ઉક્ત બેઠકોમાં સંબંધિત જિલ્લા કલેકટરશ્રીઓ, જિલ્લા વિકાસ અધિકારીશ્રીઓ, નિવાસી અધિક કલેકટરશ્રીઓ (DGRO), જિલ્લા પુરવઠા અધિકારીશ્રીઓ, નાયબ કલેકટરશ્રીઓ (મ.ભો.યો.), જિલ્લા પ્રોગ્રામ અધિકારીશ્રીઓ, મામલતદારશ્રીઓ, ઝોનલ ઓફીસરશ્રીઓ અને CDPOશ્રીઓ હાજર રહ્યા હતા.

ઉક્ત બેઠકોમાં રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા – ૨૦૧૩(NFSA)ની કામગીરી બાબતની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા – ૨૦૧૩ હેઠળ અગ્રતા ધરાવતા કુંટુંબોને રાઇટ ટુ ફુડ(RTF) મેળવવાના હક્કનું સરકારી તંત્ર દ્વારા સુનિશ્ચિત રીતે અમલ થાય તે માટે ખૂબ જવાબદારીપૂર્વક કાર્યવાહી કરવા તેમજ રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા – ૨૦૧૩(NFSA) અન્વયે છેવટના નાગરીકને નિયત જથ્થામાં અને સમયસર અનાજ મળી રહે અને રાજ્યનો કોઇપણ નાગરીક ભૂખ્યો ન રહે અને દૂર–દૂરના વિસ્તારોમાં રહેતા નાગરીકોને પણ દુકાનદારશ્રી તરફથી અનાજનો જથ્થો પુરતા પ્રમાણમાં અને સમયસર મળી રહે તે જોવા સંબંધિત અધિકારીશ્રીઓ / કર્મચારીશ્રીઓને માન. અધ્યક્ષશ્રી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો.

રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા – ૨૦૧૩(NFSA) હેઠળ સમાવેશ કરવા બાબતેની પડતર અરજીઓ સંદર્ભે ઉક્ત લાભાર્થીઓની યાદીમાં જે કુટુંબો યોગ્યતા ધરાવતા ન હોય તેમ છતાં તેઓનો સમાવેશ થયેલ હોય તો તેઓના કાર્ડ રદ કરવા અને જે કુટુંબો યોગ્યતા ધરાવતા હોય તેવા કુટુંબોનો સમાવેશ કરવા સુચના આપવામાં આવેલ છે.

જિલ્લામાં જાહેર વિતરણ વ્યવસ્થા અંતર્ગત વાજબી ભાવની દુકાનો પર જિલ્લા ફરીયાદ નિવારણ અધિકારી તથા ગુજરાત રાજ્ય અન્ન આયોગને ફરીયાદ કરી શકવા અંગેની જાણકારી લોકોને મળી રહે અને તેની બહોળી પ્રસિદ્ધિ તથા પ્રચાર–પ્રસાર થાય તે માટે **તમામ વાજબી ભાવની દુકાનો, તમામ મામલતદાર કચેરીઓ, તાલુકા પંચાયતો, જિલ્લા પંચાયતો, કલેકટર કચેરીઓ, નગરપાલિકાઓ અને જનસુવિધા કેન્દ્રો પર સુચન કરતા બોર્ડ લગાડવા સુચના આપવામાં આવેલ.**

જાહેર વિતરણ વ્યવસ્થાને લગતી ફરીયાદોના જીલ્લા કક્ષાએ નિવારણ અંગે DGRO દ્વારા કરવામાં આવેલ કાર્યવાહી અંગે આયોગને દરેક જિલ્લામાંથી માસિક રીપોર્ટ મોકલવા, તેમજ કોઇપણ વાજબી ભાવની દુકાન બિનજરૂરી

ચાર્જમાં ન રહે અને ચાર્જમાં સોંપાયેલ દુકાન મૂળ દૂકાનથી દૂર ન હોય તેની ખાસ કાળજી રાખવા અને નવી ખોલવા પાત્ર હોય તેવી વાજબી ભાવની દુકાનોના જાહેરનામાં સત્વરે બહાર પાડી નવા પરવાનેદારોને સસ્તા અનાજની દુકાન ફાળવવા પણ સૂચના આપવામાં આવેલ.

મધ્યાહન ભોજન યોજના કેન્દ્રોના બાળકોને તેમજ આંગણવાડી કેન્દ્રોમાં બાળકોને તથા ધાત્રી અને સગર્ભા મહિલાઓને નિયમિત રીતે સરકાર દ્વારા નિયત કરેલ મેનુ મુજબનું સારૂ ગુણવતા વાળુ અને પુરતુ ભોજન મળી રહે તે માટે તેમજ તેને લગતી ફરીયાદના નિવારણ માટે સક્ષમ અધિકારીશ્રીઓની માહિતી દર્શાવતું બોર્ડ તમામ મધ્યાહન ભોજન કેન્દ્રો અને આંગણવાડી કેન્દ્રો ખાતે લગાવડાવા માટે પણ સુચના આપવામાં આવેલ.

## જિલ્લા કક્ષાએ મળેલ સમીક્ષા બેઠકોની વિગતો

| ક્રમ | જિલ્લા | તારીખ |
|---|---|---|
| ૧ | છોટા ઉદેપુર | તા. ૩૦/૦૬/૨૦૧૮ |
| ૨ | સુરત | તા. ૦૬/૦૭/૨૦૧૮ |
| ૩ | નવસારી | તા. ૦૭/૦૭/૨૦૧૮ |
| ૪ | ગાંધીનગર | તા. ૧૧/૦૭/૨૦૧૮ |
| ૫ | ખેડા | તા. ૨૬/૦૯/૨૦૧૮ |
| ૬ | નર્મદા | તા. ૦૫/૧૨/૨૦૧૮ |
| ૭ | મહેસાણા | તા. ૧૫/૧૨/૨૦૧૮ |
| ૮ | જૂનાગઢ | તા. ૨૦/૧૨/૨૦૧૮ |
| ૯ | વડોદરા | તા. ૨૯/૧૨/૨૦૧૮ |

## ગુજરાત રાજ્ય અન્ન આયોગની કચેરીમાં મળેલ બેઠકોની વિગતો

ગુજરાત રાજ્ય અન્ન આયોગ, ગાંધીનગર ખાતે માનનીય અધ્યક્ષશ્રીના અધ્યક્ષ સ્થાને રાષ્ટ્રીય અન્ન સલામતી કાયદા-૨૦૧૩ અન્વયે તેમજ આયોગની કચેરીની કામગીરી અંગે સમીક્ષા માટે તા. ૦૫/૦૪/૨૦૧૮ તથા તા. ૩૦/૧૦/૨૦૧૮ મુજબ કુલ ૨(બે) બેઠકોનું આયોજન કરવામા આવેલ જેમાં તમામ સભ્યશ્રીઓ હાજર રહ્યા હતા.

## પ્રચાર પ્રસાર

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો-૨૦૧૩ના સુચારૂ અમલીકરણ માટે લાભાર્થીઓને તેમજ જાહેર જનતાને પણ જરૂરી માહીતી ઉપલબ્ધ થાય તે માટે પ્રચાર-પ્રસાર અંગેની એફ.એમ.રેડીયો પર જાહેરાત તથા ગુજરાતી સમાચાર પત્રમાં ગુજરાત રાજ્ય અન્ન આયોગની માહિતીથી પ્રચાર કરવામાં આવેલ છે.

## વેબસાઇટ

રાષ્ટ્રીય અન્ન સલામતિ કાયદો – ૨૦૧૩ના સુચારૂ અમલીકરણ માટે લાભાર્થીઓને તેમજ જાહેર જનતાને પણ જરૂરી માહીતી ઉપલબ્ધ થાય તે માટે સરકાર દ્વારા ગુજરાત રાજ્ય અન્ન આયોગની અદ્યતન વેબસાઇટ (www.foodcommission.gujarat.gov.in) પણ ગુજરાતી અને અંગ્રેજી બંનેમાં ડેવલપ કરવામાં આવી છે. જેમાં ગુજરાત રાજ્ય અન્ન આયોગની પ્રવૃત્તિઓ, ઉદ્દેશો, સભ્યશ્રીઓની યાદી, અપીલો, ફરિયાદો અને સુઓ-મોટો કેસોની આંકડાકીય માહિતી, કાયદા નિયમો, જાહેરનામા, સરકારી ઠરાવ, ચુકાદાઓ, અરજીપત્રકો, અંદાજપત્રની વિગતો, ટૂંકી પ્રશ્નોત્તરી, સંપર્ક અને મીડીયા જેવી વિગતોનો સમાવેશ કરવામાં આવેલ છે.

## બજેટ

ગુજરાત રાજ્ય અન્ન આયોગ વર્ષ–૨૦૧૮–૧૯માં રૂ. ૨૪૫.૦૦/– લાખની બજેટ ફાળવણી થયેલ અન્વયે સુધારા અંદાજપત્રની જોગવાઇ રૂ. ૧૮૪.૪૫/– લાખની જોગવાઇ થયેલ છે.

## માહિતી અધિકાર અધિનિયમ-૨૦૦૫

## કાર્યાલયનો આદેશ

માહિતીનો અધિકાર અધિનિયમ ૨૦૦૫ ની કલમ–૫(૧) તથા કલમ–૫(૨) અને કલમ–૧૯(૧)ની જોગવાઇ અન્વયે ગુજરાત રાજ્ય અન્ન આયોગમાં એપલેટ અધિકારી તથા જાહેર માહિતી અધિકારી (પી.આઇ.ઓ) તરીકે નીચે મુજબના અધિકારીશ્રીઓની નિયુકિત કરવામા આવે છે.

(૧) જાહેર માહિતી અધિકારી (PIO):–

શ્રી આઇ.યુ.નાયક
સેક્શન અધિકારીશ્રી, ગુજરાત રાજ્ય અન્ન આયોગ
“અન્ન ભવન”, ટાઉન હોલની બાજુમાં સેકટર–૧૭, ગાંધીનગર.
ટેલિફોન નં. ૦૭૯–૨૩૨–૫૮૪૯૦

(૨) એપલેટ અધિકારી:–

શ્રી એ.પી.ગઢવી
ઉપસચિવશ્રી, ગુજરાત રાજ્ય અન્ન આયોગ
“અન્ન ભવન”, ટાઉન હોલની બાજુમાં સેકટર–૧૭, ગાંધીનગર.
ટેલિફોન નં. ૦૭૯–૨૩૨–૫૮૪૯૨